શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

છુટક નકલ રૂા. ૧/-

જુલાઈ - ૨૦૦૫'

## જીવનના રંગ

***Life is wonderful, if your know how to live,***
***world is beautiful, if you know how to see.***

જીવનને સુંદર ત્યારે જ બનાવી શકાય જયારે તેને જીવી જાણો. માનો તો બધું જ સુંદર નહીં તો બધું જ અસુંદર એટલે કે જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટી. અને આ જીવનને સુંદર બનાવવા તેમાં રંગો ભરવા પડે છે. જીવનના રંગોની વાત કરીએ તો એક રંગ જયારે બીજા રંગને મળે છે. ત્યારે એક નવો જ રંગ સર્જાય છે. એમ જ માનવીનું મિલન પણ એક નવી જ સંબંધોની રંગ સૃષ્ટી સર્જે છે. જીવનના આ રંગોમાં સુખ-દુઃખ, આશા-નિરાશા, હાસ્ય-રૂદન સમાયા છે. જો દુઃખ હોય તો જ સુખનું મહત્ત્વ છે. એવી જ રીતે દરેક નિરાશા એક નવી આશા લઈ આવે છે અને રૂદનમાં જ નવા હાસ્યની કૂંપણો ફૂટે છે. એકરંગી જીવન ઉત્સાહ ઉમંગ વિનાનું છે. જીવનમાં દરેક ક્ષણે એક નવો રંગ ભરવાની જરૂર છે. જિંદગીને નથી ઉગમ નથી અંત. ઘણાં મૃત્યુને જિંદગીનો અંત અને જન્મને જિંદગીની શરૂઆત માને છે પણ એ તો માત્ર બે ઘડીનો વિસામો છે જિંદગી એક એવો અવિરત પ્રવાહ છે તેમાં સૌ કોઈ વહ્યે જાય છે. જિંદગી એ માત્ર ત્રણ અક્ષરમાં કેટકેટલું સમાયેલું છે. તેમ છતાં જિંદગી અવ્યાખ્યાયિત છે.

*- સંકલન*

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ની વિવધ સમિતિના સંયોજકો વર્ષ ૨૦૦૫-૨૦૦૬

**સ્વાસ્થય યોજના / હૉસ્પીટલ સહાય યોજના**
શ્રી ભદ્રેશ પ્રવિણચંદ્ર ધારીઆ

**શ્રીજી મેડીક્લેમ યોજના**
શ્રી નીતીન રસીકલાલ ગાંધી

**પુસ્તક યોજના**
શ્રી મંજુલ શૈલેષ ધારીઆ

**નોટબુક રાહત યોજના**
શ્રી ગોપાલ રમણલાલ કડકીઆ

**જનતા ફી સહાય યોજના**
શ્રી જયપ્રકાશ નવીનચંદ્ર કડકીઆ

**બાહ્ય રમત ગમત**
શ્રી જીતેન્દ્ર પ્રવિણચંદ્ર પારેખ

**આંતરિક રમત ગમત**
શ્રી અજીત નટવરલાલ મોદી

**ક્રિકેટ ટુર્નામેન્ટ**
શ્રી રૂપીન કડકીઆ

**વાર્ષિક રસોત્સવ**
શ્રી કીર્તી હીરાલાલ કડકીઆ

**ઉપનગર વિભાગ**
શ્રી દક્ષેશ સોમાલાલ પરીખ

**મહિલા વિભાગ**
શ્રીમતી નીતા નીકુંજ કડકીઆ

**જયોતિ પુંજ**
શ્રી નીખીલ બાબુલાલ પરીખ

**વહીવટી ખર્ચ**

૧) શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ (પ્રમુખ)
૨) શ્રી હરેન્દ્ર ચીમનલાલ મોદી (ખજાનચી)
૩) શ્રી પ્રદીપ પ્રવિણચંદ્ર કડકીઆ (મંત્રી)

## હેપેટાઈટીસ બી ની રસી

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા પાંચ વર્ષ પહેલાં હેપેટાઈટીસ બી ના ત્રણ ડોઝ આપવામાં આવ્યા હતાં. ત્યારે પાંચ વર્ષ પછી એક ડોઝ લેવાની ભલાપણ કરવામાં આવી હતી. પરંતુ હાલની નવી થીયરી મુજબ આ ડોઝ લેવાની જરૂરત ન હોવાનું વિવિધ ડૉક્ટરોએ અમોને જણાવ્યું છે. તેથી આ મુજબનો કેમ્પ કરવામાં આવશે નહી. આમ છતાં પોત પોતાના ફેમીલી ડૉક્ટરોની સલાહ લઈને આ બાબતમાં યોગ્ય લાગે તેમ કરવાનું સર્વે ભાઈ બહેનોને સુચન છે.

*શ્રી બાલાસિનોર નવયુવક સંઘ વતી*
*નિખિલ પરીખ*

# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૮ | ૪ | ૧૪-૭-૨૦૦૫ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-



નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૨૪૪૪૯૯૧૬ • ૨૪૪૪૯૯૨૯

☯

**મંત્રી : પ્રદીપ કડકીઆ**
ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન,
પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.
ટે.(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫
(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

☯

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# અમેરીકા મારી દૃષ્ટિએ

***- તંત્રી સ્થાનેથી***

*પ્રવાસગાથાઓ લખવાનો મને અનુભવ નથી અને એમાં પણ આપણા દરેક કુટુંબો માંથી એકાદ બે જણ જયારે અમેરીકામાં વસે છે ત્યારે ત્યાંના વિશે હું નવું શું લખી શકું ? છતાં પણ દરેક વ્યક્તિ એક જ વસ્તુને અલગ દૃષ્ટિથી જુએ છે. એટલે પ્રયત્ન કરું છું ત્યાંના લોકો વિશે દેશ વિશે જરા જુદી રીતે વાત કરવાનો.*

*અમેરીકા જઈએ એટલે વચ્ચે એક વખત તો પ્લેન બદલવુંજ પડે. અલઈટાલીયામાં ઈટાલીમાં સ્ટોપ મળે. સ્વીસ એર માં સ્વીઝરલેન્ડ એવીજ રીત ફ્રાન્સ, લંડન, રશિયા, ઇજીપ્ત, વગેરે અલગ અલગ એરલાઇન્સમાં અલગ અલગ દેશ જોવાનો મોકો મળે. જેઓ વારંવાર અમેરીકા જાય છે તેઓને શોખ હોય તો દર વખતે પ્લેનની ટીકીટના અલગ પૈસા ખર્ચ કર્યા વગર જુદા જુદા દેશો જોવાનો મોકો મળે. અમે પસંદગી ઉતારી રશિયા ઉપર એક સમયની દુનિયાની બે મહાસત્તા એક સાથે જોવાનો રોમાંચ હતો. પરંતુ રશિયા જવું સહેલું નથી. હજી પણ ત્યાં જવા માટે, ફરવા માટે મુશ્કેલ છે. પણ ઈન્ટરનેટ ઉપર રશિયાની સાઈટ એટલી સરસ છે કે નાનામાં નાની હોટલની કેટ્રેનોની ડીટેઈલ મળી જાય. ત્યાનો પ્રવાસ કરવો હોય તો ત્યાંની હોટલ સીલેક્ટ કરીને એ હોટલ પાસેથી ત્યાં જવા માટેના વાઉચર મંગાવવા પડે જેના પૈસા અલગથી થાય, એ વાઉચરના ઓરીજીનલ વગર વિસા ન મળે. ત્યાંના બે મુખ્ય શહેરો મોસ્કો અને પીટર્સબર્ગ, બન્ને વચ્ચે રોજની*

રાતની ૮ થી ૧૦ ટ્રેન રાતે બેસો એટલે સવારે પહોંચી જવાય. ટ્રેનમાં સગવડ ફર્સ્ટ ક્લાસની કેબીના જેવી. ભાષાની મુશ્કેલી ખુબજ લોકો અંગ્રેજી સમજે નહી અને સમજે તો પણ સામ્યવાદના ખોફમાં જીવ્યા હોવાથી વાત કરતાં પણ ડરે, હસવાનું તો જાણે શીખ્યાજ નથી પરંતુ દેશ સુંદર છે મોસ્કોનો રેડ સ્કવેર, ક્રેમલીન અને મહેલ જેવા મેટ્રો ટ્રેનના સ્ટેશનો (રસ્તાથી ચાર માળ નીચે ૧૧ લાઈનોથી મોસ્કો જોડાયું છે.) ત્યાંના બેલે ડાન્સ, સર્કસ, પીટર્સ બર્ગના મહેલો, મ્યુઝીયમ, કલરફુલ ગુંબજોવાળા ચર્ચ બધુજ જાણે અલગ દુનિયામાંવસતા હોય એવું લાગે. ફક્ત મોસ્કોમાં ૫૦ હજાર ભારતીયો રહે છે. ભાષાની મુશ્કેલી દુર કરવા બે દિવસતો ગાઈડ લીધી. પણ પછી બન્ને ભાષાના મેપ લઈને જાતે ફરવાનો લ્હાવો લીધો.

સુંદર દેશ, કલા સ્થાપત્ય બાકીના દેશોથી અલગ જ હતું. ફરવાનો શોખ હોય તો જોવાનું એટલું છે કે ઓછામાં ઓછા પંદર દિવસ જોઈએ. એક અઠવાડીયાના રશિયાના પ્રવાસમાં સમય જાણે ઓછો લાગ્યો. ત્યાંથી નીકળીને પહોચ્યા બીજી મહાસત્તા અને આપણા ભારતીયોનું બીજુ ભારત એવા અમેરીકામાં. અમેરીકાએ પ્રવાસીઓ માટે એટલી બધી સગવડ કરી છે કે કશે પણ અજાણ્યું કે મુશ્કેલ ન લાગે એરપોર્ટ ઉપરથી જ રેન્ટે એ કાર મળે અને ફરીને બીજા શહેરના એરપોર્ટ ઉપર કાર પાછી આપી દેવાની. રસ્તાઓ ઉપર બધેજ સાઈનબોર્ડ અને રસ્તાના નંબરો. આપણા WIAA જેવી ત્યાંની AAA સંસ્થા છે. જેની પાસેથી અમેરીકાના કોઈ પણ ખુણાના મેપ મળે. જો આપણા પ્રવાસનો રુટ નક્કી હોય તો તેઓ TICK TRACK બનાવી આપે જેમાં વારાફરથી દરેક જગ્યાએ જવાના અને અંતરાળ વિસ્તારના મેપ આવેલા હોય. રસ્તામાં થોડા થોડા અંતરે રહેવાની, ખાવાપીવાની અને આરામની સગવડ, આ ઉપરાંત ત્યાંની કારમાં હવે GPS સીસ્ટમ મળે છે. GPS એટલે "ગ્લોબલ પોઝીશનીંગ સીસ્ટમ" સેટેલાઈટ દ્વારા તમારી કાર લોકેટ થાય તમે ક્યાં છો અને ક્યાં જવું છે એટલું ફીડ કરો એટલે મેપ આપોઆપ બતાવે અને આગળ કેટલા અંતરે લેફ્ટ કે રાઈટ લેવું એપણ બતાવે અને બોલે રસ્તાની બીજી બાજુ, લેફ્ટ હેન્ડ ડ્રાઈવ એટલે જરા ઓડ લાગે પણ ઓટો મેટીક કાર હોવાથી ગીયરની માથાકુટ નહી. ડ્રાઈવીંગમાં ત્યાંના લોકોની શીસ્ત જબરદસ્ત છે એટલે જ કદાચ આટલી ફાસ્ટ ગાડી મુશ્કેલી વગર ચલાવી શકાય. ભાષાની મુશ્કેલી પણ આપણને ન નડે. દરેક શહેરો સરખાંજ લાગે પરંતુ સાનફાન્સીસ્કો જેવા શહેર બીજાથી જુદાપડે. બાકી કુદરતી સૌંદર્ય ઈશ્વરે ભરપુર આપ્યું છે. અમેરીકાના લોકો વિશે ઘણાના મોઢે ફરિયાદો સાંભળી હતી. પરંતુ એ બ્યાજબી ન લાગી. દરેક જગ્યાએ દુર દુરની સગાઇ કાઢીને જરાક ઓળખાણમાં કોઈની ઘરે રહેવા જતાં રહીએ તો પછી બહુ આશા ના જ રખાય, ત્યાં બન્ને પતિ પત્ની કામ કરતાં હોવાથી અને અમુક જગ્યાએ અવારનવાર વણનોતર્યા મહેમાનો આવતા હોવાથી સરભરા કરવાનું મુશ્કેલ બને, ઘરનું કામ અને બહારનું કામ, આપણી જેમ નોકરો થોડા હોય ? અમને જોકે આવા કોઈ અનુભવ ન થયા કારણ કે થોડા દિવસો માટે જ અને ફક્ત અંગત મિત્રોના તથા સગાંના ઘરેજ રહેવાનું રાખ્યું હતું અને બધા એ જાણે અમારા માટે હ્રદય રેડી દીધું.

આપણાં ત્યાના લોકો આપણા મુંબઈના લોકોની જેમ જ માણસ ભુખ્યા છે મળવા માટે,

મદદ માટે હંમેશા આતુર પણ બધું અંગત સંબધો ઉપર આધાર રાખે છે. એક સુંદર વસ્તુ જોવા મળી. પતિ પત્નીનું ટયુનીંગ, બન્ને પતિ પત્ની જોબ કરે, સાથે ઘરકામ કરે. એકબીજાની મુશ્કેલીઓ અને સગવડો સાચવે એટલે ઘણું કરીને બન્ને મિત્રો જેવા બની જાય છે. માનસીક સ્તર ઉપર પણ બન્ને જણ સાથે વીકસે છે. દરેક વસ્તુમાં એકબીજાને પુછીને નિર્ણય લેવાય. જયારે આણે ત્યાં પુરુષો બહાર નીકળીને નવું નવું શીખી જાણીને માનસીક સ્તરે આગળ વધે છે. પરંતુ સ્ત્રીઓ આ બાબતમાં ધ્યાન આપતી તથી અને બન્નેમાં વિચારોમાં, આચારમાં ગેપ વધતો જાય છે. ત્યાં લોકો પોતપોતાની રીતે સુખી અને દુઃખી છે. ત્યાંનું ભણતર જેની પાસે છે, ડીગ્રી છે તેઓ માટે મુશ્કેલી નથી પણ જેઓ ભણ્યા નથી તેઓ કાયમ સ્ટ્રગલ કર્યા કરે છે. દિવસ રાત કામ કરે છે. પરંતુ આજ લોકો ઇન્ડીયા આવે ત્યારે મોટી મોટી વાતો કરીને આપણા લોકોમાં અમેરીકા જવાનું ભુત વળગાડીને જાય છે. બાકી બધું પીળું એટલું સોનું નથી. ત્યાં પણ મોટા શહેરોથી દુર વસ્તા લોકો વધુ સુખી છે. આવક કદાચ થોડી ઓછી પણ ખર્ચા પણ ઓછા અને શાંતિ પણ વધુ. ખુબજ ગમે એવી વાત એ લાગી કે દરેક મોટા ઉદ્યોગો અથવા પર્યટન સ્થળોની આજુબાજુ જુદા જુદા અનેક ગામો વિકસાવવામાં આવે અને દરેક ગામોથી આ ઉદ્યોગો અડધાથી એક કલાકના અંતરે હોય એટલે કુદરતી વાતાવરણમાં રહેવાનું અને કામ કરવા જવાનું મળે. પાછું ઘર બદલવાનું કે બીજે સ્થાયી થવાનું એકદમ સરળ, બધેજ સગવડો અને સીસ્ટમ એકજ આપણી જેમ ભાષાની મુશ્કેલી કે કલ્ચરની મુશ્કેલી ન નડે ભણતર પણ બધે સરખું અને સ્પોર્ટસ પણ બાળકોનો સંપુર્ણ વિકાસ થાય છે. આપણા કરતાં ત્યાં આપણા તહેવારો વધુ સારી રીતે ઉજવાય છે. માબાપોને આપણાં સંસ્કારો બાળકોમાં રેડવાની જાગૃતિ વધુ છે. ચિન્મયાનંદ મિશન, સ્વામી નારાયણ પંથ અને બીજા અનેક ધાર્મિક સંગઠનો બાળકોને આપણી ભાષા અને સંસ્કૃતિથી વાકેફ કરે છે. શાળાઓમાં સ્પોર્ટસ અને સંગીત લગભગ કમ્પલસરી છે. ભણવાની વિપુલ તક છે. પણ ડીગ્રી કરતાં વ્યવસાયલક્ષી શિક્ષણ પ્રત્યે વધુ ધ્યાન અપાય છે. એન્જીનીયર કરતાં ઘણી વખત પ્રોફેશનલ પ્લમબર અથવા ઈલેક્ટ્રીશીયન વધુ કમાય છે. આપણા લોકો અહી મુંબઈ કરતાં વધુ શોસ્યલ છે ન્યુયોર્કજેવા શહેરોમાં તો ઘણા લોકો આપણા મુંબઈ કરતાં વધુ હળે મળે છે.

બારમાં ધોરણમાં આવતાની સાથેજ છોકરો કે છોકરી હોસ્ટેલમાં રહીને ભણવા જતાં રહે છે. પરંતુ માબાપ પહેલેથી માનીસીક રીતે આ માટે તૈયાર હોય છે. પતિ પત્ની મિત્રો હોવાથી બહુ મુશ્કેલી નથી પડતી. આ ઉપરાંત બન્ને જણા રમત સંગીત, પ્રવાસ, કેમ્પીંગ જેવા શોખ વિકસાવે છે અને બાકીની જીંદગી ને માણે છે. ઘણા હિંમતવાળા લોકો અમેરીકા છોડીને રીટાયર્ડમેન્ટ માટે ભારત પાછા ફરે છે. આવનાર ભવિષ્યમાં આ સંખ્યા વધેતો કહેવાય નહી. જો તેમને ત્યાંના જેવી સગવડો અહી મળી રહે તો. આમ અમેરીકા ફરવા માટે સુંદર દેશ છે બાકી અફાટ કુદરતી સંપત્તી અને પૈસાની રેલમછેલ ના હિસાબે લોકો છુટ્ટે હાથે બન્નેનો ઉપયોગ કરે છે. પણ જે હિસાબે લોકો દેવું કરીને ખર્ચા કરે છે એ હિસાબે ગારબેજ અને મોરગેજમાં દેશ પાછો ના પડી જાય એવી આશા રાખીએ.

**- નિખિલ પરીખ**

# ચુંટણી માંથી પેનલ પ્રથા કાઢી નાખો

આ લખાણ જ્યારે આપ સુધી પહોંશચે ત્યારે શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ચૂંટણી પતી ગઈ હશે. પરિણામ આવી ગયું હશે. સંસ્થાઓમાં ચુંટણી થવી એ જાગૃત સમાજની નીશાની છે પરંતુ પ્રગતિ સમાજની ચુંટણીએ એક પ્રેસ્ટીજ ઈસ્યુ બની જાય છે . આ સંસ્થા વિવિધ ટ્રસ્ટો સંભાળીને જરૂરીયાતમંદ લોકોને રાહત આપે છે. આ કામ સામાન્ય રીતે ત્રણ થી ચાર હોદ્દેદારો જ સંભાળતા હોય છે. ટુંકમાં ૧૭ જણાની સમિતિની જરૂરિયાત કામને જોતાં આ સંસ્થામાં નથી પરંતુ આની સમિતિની બેઠક ક્રેડીટ કો.ઓપરેટીવની સાથે થતી હોવાથી કોની લોન પાસ કરવી એની ચર્ચામાં પણ પ્રગતિ સમાજના સભ્યો ભાગ લે છે અને એટલે જ કદાચ આ ચુંટણીમાં કાર્યકર્તાઓને વધુ રસ પડે છે. બાકી ઘણી સંસ્થાઓ જ્યાં કામ છે ત્યાં કાર્યકર્તાઓની કમી કાયમ રહે છે કારણ ? કારણ કે ત્યાં કામ કરવું પડે છે. અને પ્રેસ્ટીજ નથી હોતી મળતી આપણી ગ્રાહક સહકારી મંડળીમાં કાર્યકર્તાઓની જરૂર છે. તો પ્રગતિ સમાજ જેવી સંસ્થાએ આ જવાબદારી ઉપાડી બાદ કાર્યકર્તાઓની ખોટ ત્યાં પુરી પાડવી જોઈએ.

ખેર, વાત આજે ચુંટણીની કરવી છે આપણી ગામની વિવિધ સંસ્થાઓમાં કાર્યકર્તાઓનો સરવાળો કરશો તો માંડ ૫૦-૬૦ કાર્યકરો જ બધી સંસ્થામાં કાર્યરત છે અને એક જગ્યાએ એક વ્યક્તિ પ્રમુખ હોય તો બીજે મંત્રી અને ત્રીજે ટ્રસ્ટી. ચુંટણીમાં આવા કાર્યકર્તાઓ સામસામેઆવી જાય તો ચુંટણીમાં રસાકસી વધી જાય છે. પરંતુ જ્યારે આ કાર્યકર્તાઓ પેનલ બનાવીને લડે છે ત્યારે દુશ્મનાવટની શરૂઆત થાય છે. બે કે ત્રણ પેનલમાં થોડાક મુખ્ય કાર્યકર્તાઓ હોય છે અને બાકીના નબળા કાર્યકર્તાઓ (કાર્યક્ષમતાની દ્રષ્ટિએ) હોય છે પરંતુ પેનલનો પ્રચાર થાય અને જો પેનલ જીતે તો સારા કાર્યકર્તાના ભોગે નબળા કાર્યકર્તા ચુંટાઈ આવે છે સરવાળે સંસ્થાએજ નુકશાન ભોગવવાનું આવેલ છે. મારા મત મુજબ ભલે દુનિયામાં બધે પેનલો રચાઈને ચુંટણીઓ લડાતી હોય પરંતુ આપણી સેવાભાવી સંસ્થાઓમાં આ પ્રથા ન હોવી જોઈએ. બધા જ સભ્યોએ કોઈપણ પેનલ બનાવ્યા વગર પોતાની શાખ, પોતાની કાર્યક્ષમતા અને પાછળના રેકોર્ડની સાથે ચુંટણી લડવી જોઈએ. તો જ એકબીજાને પછાડવાનું ઝનુન, બીજાને નીચા દેખાડવાની ભાવનાઅને એમાથી ઉભી થતી દુશ્મનાવટને રોકી શકાય. આપણા મતદાતાઓ હોંશિયાર છે એથી પેનલોને વોટ ન આપતાં સામાન્ય રીતે સારા કાર્યકર્તાઓને ચુંટે છે પરંતુ ક્યારેક સારા કાર્યકર્તાઓ ચુંટણી હારી પણ જાય છે. ભુતકાળમાં આ બની ચુકયુ છે. મંગલભાઈ જેવા પ્રમુખના દાવેદાર કાર્યકર્તા પેનલની રસાકસીમાં હારી ચુંકયા હતાં. આ ચુંટણીમાં આવું કોઈ પરિણામ ન આવે એવી આશા રાખીએ. પરંતુ જો ભવિષ્યમાં આ બાબતનો ઠરાવ પસાર કરીને પેનલની પ્રથાને તિલાંજલી આપીશું તો વધુ હેલ્થી વાતાવરણમાં સંસ્થાઓમાં કામ થઈ શકશે.

**- નિખિલ પરીખ**

# દક્ષિણ ભારતની તીર્થયાત્રા

(હપ્તો - ૨)

*''મંગલ મંદિર ખોલો દયામય ! મંગલ મંદિર ખોલો.''*

સાક્ષર-કવિથી નરસિંહરાવ દિવેટિયાનું આ મંગલ-ગીત દક્ષિણ ભારતના તીર્થધામોમાં દર્શન કરતી વેળા સતત મારી સામે રહ્યું છે. આખરે આ તીર્થયાત્રામાં મૂર્તિઓની આરાધના તો કેન્દ્રમાં છે. શા માટે ? આ પ્રશ્ન સહજ ઉદભવે. માટી, આરસ, પથ્થર કે લાકડાની કોઈ પણ પ્રતિમા હોય, અંતે તો તે પદાર્થ છે, મૃત છે, જડ છે. તેનામાં દૈવી શક્તિ આપણે આરોપતા હોઈએ છીએ. આપણી અંદરની મંગલ ભાવનાના કારણે તે જીવંત બને છે, આપણી પ્રેરણામૂર્તિ થાય છે, આપણી મહેચ્છાનું સાકાર સ્વરુપ ધારણ કરે છે. માનવ મનની મર્કટ લીલાને નાથવા, એકાગ્ર કરવા, ક્યારેક સકામ ભક્તિની જરુર ઊભી થાય છે; જે પવિત્ર મંદિરની સુંદર મૂર્તિની પૂજા-અર્ચના દ્વારા આપણે પૂરી પાડતા હોઈએ છીએ. આપણા ઋષિમુનીઓએ મનુષ્યના મનનૂં વિશ્લેષણ કરી, તેને ભક્તિમાર્ગે દોરવા, તેના મનની લગામને નાથવા, મૂર્તિપૂજાની વિધિ ધર્મના નામે દાખલ કરી, સંસ્કૃતીને જીવંત રાખી છે, માનવનો આંતરિક વિકાસ જાળવી રાખ્યો છે.

આપણા પ્રવાસની આ યથાર્થતા સમજયા વિના યાત્રા આગળ ધપાવીએ, તો તેનો કોઈ અર્થ સરે નહિ. આથી ચિંતનનું થોજુંક આચમન કરીને પછી આ ગાથાને ગતિ આપીએ તો વાચક તન-મન ને બુદ્ધિથી આ તીર્થયાત્રાનો અભ્યાસ કરશે અને જીવનનું ભાથું બાંધવા તેમાંથી યત્કિંચિત ગ્રહણ કરશે.

મદ્રાસથી અમારો બસ-પ્રવાસ પ્રથમ મહાબલીપુરમ ખાતે રોકાયો. અહીં મંદિરમાં દર્શન કર્યા અને લંચ પણ અહીં જ લીધું. તેની પાસે જ સુંદર લેક હોઈ કેટલાંકે ત્યાં બોટીંગનો આનંદ માણ્યો. પછી અમે 'ડોલ્ફીન શો' જોવા ગયા. માનવ - બુદ્ધિએ આવી વિશાળ કદની જળચર માછલીઓને કેળવી, તેની પાસેથી કેવું અદ્‌ભુત કામ લીધું છે ! ત્યાંથી બસમાં પક્ષીતીર્થ ગયા. દરરોજ મુકરર સમયે, દરિયાની વચ્ચે આવેલા ખડક પર, એક પક્ષી-યુગલ, છેલ્લાં કેટલાંક વર્ષોથી નિયમિત આવે છે, તે આ સ્થળની ખાસિયત છે. તેને જોવા માઈલોનો પ્રવાસ ખેડી દેશપરદેશના જિજ્ઞાસુઓ અહીં દોડી આવે છે અને કચકડાની છબીમાં તેને મઢી લે છે. પછી અમારી બસ પોંડિચેરી આવે છે. મહાયોગી શ્રી અરવિંદની આ તપોભૂમિ. તેમણે આ ધરતી પર રહીને, પૂ. માતાજીના સહકારથી, યોગદ્વારા પરમ ચેતનાના પ્રવાહને આ પૃથ્વી પર ખેંચી લાવવા અથાક્ પ્રયાસ કર્યા. અતિમનસની વિચારણા સમજાવનાર તે પ્રથમ ઋષિ. યોગસાધનાના નિચોડ સમું ઉત્તમ મહાકાવ્ય તે **સાવિત્રી** તેમને અહીં બેસીને લખ્યું. મૂળ ફ્રેંચ વસાહતની આ પવિત્ર ભૂમિના દર્શન કરવા તેમનો વિશ્વભર વ્યાપેલો ભક્તસમુદાય આજ પણ અહીં નિયમિત આવે છે અને તેમની મહાસમાધિની રજ માથે લઈ કૃતાર્થતા અનુભવ છે. તેમની વિચારધારા મુજબની શિક્ષણસંસ્થા, ક્રિડાંગણ, પુસ્તક વિક્રિકેન્દ્ર તથા સુંદર ઉપવનને જોવા અનેક લોકો અહીં આવે છે. પડોશમાં ૧૬ કી.મી. દૂર આવેલ પૂ. માતાજીના સ્વપ્નસમી અરોવિલા સ્થળની મુલાકાત પણ પ્રવાસીઓ અચૂક લે છે. વિશ્વના ૧૨૪ દેશોના પ્રતિનિધિઓ અહીં રહીને સર્જનાત્મક પ્રવૃત્તિઓ આદરી જગતમાં શાંતિનો સંદેશ ફેલાવે છે. યુનેસ્કોની દેખરેખ હેઠળ આ વિસ્તારનો વિકાસ કરાઈ રહ્યો છે. પ્રેમ ને સંવાદથી જીવી રહેલો આ વિશ્વ-પરિવાર નવીન સર્જનાત્મક પ્રયોગો હાથ ધરી નવી દિશા બતાવે છે. અહીંનું ધ્યાન-

મંદિર, પ્રકૃતિનું સૌન્દર્ય વેરતી તેની ચોપાસની કુદરત, તેનો કાફેટેરિયા તથા તેનું સુંદર મ્યુઝિયમ અને શિરમોરસમો તેનો આંતરરાષ્ટ્રિય સમાજ, તેમના આવાસો ને કલાકારીગરી પ્રવાસીઓ માટેનું મુખ્ય આકર્ષણ પૂ. માતાજીની યોગસાધનાથી પવિત્ર બનેલી આ ભૂમિ સાધકો માટેનું ઉત્તમ સ્તળ છે અને તેમના અંતતરંગોનો (vibration) સ્પર્શ અનુભવવા મળે છે. પોંડચિરીના આ આશ્રમ ઉપરાંત અહીંનો ભવ્ય દરિયાકાંઠો તથા ત્યાં ઊભી કરેલી મહાત્મા ગાંધીની પ્રતિમા, તેના સ્વચ્છ ને વૃક્ષ-આચ્છદિત માર્ગો, તેની પવિત્ર ઇમારતો ને ભક્તિનો માહોલ યાત્રીઓને આકર્ષવા પૂરતા છે. અહીં મીણની કારીગરીના ગૃહોદ્યોગ તથા પેપર ને ચર્મ ઉદ્યોગો વિ. આ પ્રદેશના ગ્રામ્ય-જીવનને નભાવવા પૂરતા સક્ષમ છે.

અહીંથી અમે ચિદમ્બરમ્ આવ્યા. રાતવાસો અહીંની હોટેલમાં હતો. બીજી સવારે અમે બે મિત્રો ટેક્ષી લઈ અહીંથી તાંજોર વચ્ચે આવેલાં નરી આંખે દેખાતા નવ ગ્રહોના - સુર્ય, ચંદ્ર, મંગલ, બુધ, ગુરુ, શુક્ર, શની, કેતુ ને રાહુ - સ્વતંત્ર મંદિરો જોવાને નીકળ્યા. વિશ્વમાં આવા નવ ગ્રહોના અલગ મંદિરો બીજે ક્યાંય હોય એવું હજી સાંભળ્યું નથી. દરેકને પોતાની આગવી વિશિષ્ટતા. વિશાળતા ને સુંદર પ્રતિમાઓવાળા પ્રવેશદ્વારો તથા પવિત્ર જળના કુંડો સર્વત્ર જોવા મળ્યાં. આ ગ્રહો સાથે સંકળાયેલા ૨૭ નક્ષત્રો ને બાર રાશિઓ મળી સંપુર્ણ જયોતિષશાસ્ત્ર થાય. તેનો વનસ્પતિશાસ્ત્ર સાથે સીધો સંબંધ. માનવ આરોગ્ય માટે આ સૌનો સમન્વય ખુબ જરુરી. ૠતુચક્ર પણ આમાંથી ઊભું થાય. ભાવી માટે આ સ્વતંત્ર વિષય વિચારવા જેવો જરુર ગણાય. આ નવે ગ્રહોમાં સૂર્ય મંદિર મોભાનું સ્થાન ગ્રહણ કરે છે. તેની સ્વચ્છતા, આયોજન, ભવ્યતા ને પ્રવાસીને ધ્યાનમાં લઈ તૈયાર કરેલ કેટેલોગ વિ. વ્યવસ્થા સારી છે. અહીં નવે ગ્રહોની પ્રતિમાઓ સ્વસ્થાને સ્થાપી છે. શિવ-પાર્વતી આ ગ્રહોના અધિષ્ઠાતા હોઈ તેમની મૂર્તિઓ સર્વ સ્થળે કેન્દ્રમાં ગોઠવેલી છે. પાંડય રાજાઓ સદીઓ પહેલા ધર્મની આણ ધ્યાનમાં લઈ આ મંદિરો સાથે સંકળાયેલા છે. અહીંની પૂજા-વિધિમાં આરતી ને અભિષેક મુખ્ય છે. કળા-કારીગરી તથા ઉત્તમ સ્થાપત્ય ધરાવતા આ આકર્ષક ને ભવ્ય મંદિરો દક્ષિણનું અણમોલ નજરાણું છે.

અહીંથી રાત્રે તાંજોર હોટેલ પર. બીજી સવારે નવથી તેરમી સદીઓમાં ચોલા રાજાઓએ બંધાવેલા અદ્દ્ભુત મંદિરો જોવા નીકળ્યા. દરેકને પોતાનું આગવું વ્યક્તિત્વ. તેનું રંગકૌશલ્ય ને ગોપુરીનૂં સુંદર કોતરકામ, તેના વિશાળ મંડપો ને છત પરનાં ચિત્રો તથા પાંચ-સાત મજલા ધરાવતા સુશોભિત પ્રવેશદ્વારો વિ. યાત્રીઓને ખેંચવા પૂરતા ગણાય. દક્ષિણનાં ઘણાં મંદિરો તેના ઈતિહાસને લીધે પ્રચલિત બન્યા છે. ક્યાંક મંદિર કે તેની પ્રતિમાઓ કરતાં એની રસપ્રદ તવારીખ પર ઘણું લખાયુંહોય એમ પણ બને તો કોઈ મંદિર સમગ્ર પ્રજાના ખમીરનું જીવંત પ્રતિક હોય. ઘણાં મંદિરોનો મહિમા તેના પરચાઓ ને ચમત્કારોની પરંપરા, રીતિરિવાજો, અંધશ્રધ્ધા ને વહેમોના કારણે પ્રજામાં જાણીતો હોય. મોટેભાગે ચિત્રવિચિત્ર નામધારી દેવીઓનું અહીં રાજય. શિલ્પ કે સ્થાપત્ય સાથે સ્નાનસૂતકનો ય સંબંધ નહિ. દોરાધાગા, માનતા, બાધા-આખડી, ભૂવા, કહેવાતા પૂજારીઓ, કંકું ને પ્રસાદનાં પડીકાં તથા નાસ્તાપાણીનો ધંધો ધમધોકાર ચાલે. આવો ભાતીગર છે દક્ષિણના આ મંદિરોનો ઈતિહાસ.

તાંજોરથી અમે કુંભકોનમ મંદિરમાં દર્શન કરી અંતે ત્રિચિનાપલ્લી આવ્યા. બે રાતનો મુકામ અહીં ખાતેનો હતો. અમે માર્કેટમાં આવેલ ટેકરી પરના ગણેશના દર્શન કરવા બીજે દિવસે નીકળ્યા. ૪૫૦ પગથીયા ચઢીને વિશાળ કદની ગણેશની પ્રતિમાને

હૃદયપૂર્વક નમન કર્યા. ઊંચાઈનાકારણે ઉપરથી સારી નગરીના દર્શન થતાં હતાં. તળેટીમાં સુંદર લેક હતો, જે અહીંના સૌન્દર્યમાં વધારો કરતો હતો. લાંબા પ્રવાસના થાકને ઉતારવા આવો વિરામ જરુરી હોય છે. તે દરમ્યાન ખરીદી તો ચાલતી રહેવાની.

પછી અમે શ્રી રંગનાથ સ્વામીના દર્શન કરવા શ્રી રંગમપુરમ્ આવ્યા. તામિલનાડુમાં આવેલું ભગવાન વિષ્ણુનું આ જગવિખ્યાત મંદિર. સન ૧૯૬૬ માં યુનેસ્કોને આ મંદિરોના સમારકામ તથા સાચવણી માટે આમંત્રણ આપ્યું હતું. તેમની સલાહકાર સમિતિએ ટુરિઝમની નજરે કેટલાંક મહત્તવનાં સૂચનો કર્યા ને તે મુજબ ૧૯૬૮ માં તેનો અમલ પણ હાથ ધર્યો. અહીં સાત પ્રવેશદ્વાર પછી મુખ્ય મંદિર આવે છે, જેમાં શેષ નાગ પર શયન કરતી વિષ્ણુ ભગવાનની વિશાળ શ્યામરંગી પ્રતિમા છે ને તેનો ધુમ્મટ સુવર્ણથી દેદિપ્યમાન હોઈ સૌનું તે આકર્ષણ બન્યો છે. પવિત્ર કુંડ, સહસ્ત્ર સ્તંભોવાળો મંડપો, અનેક રંગીન પ્રતિમાઓથી શોભતા ટાવરો ને વિધવિધ મૂર્તિઓની ગોઠવણી વિ. ખાસિયતો તો સર્વસામાન્ય રહી.

અંતે **રામેશ્વર** તરફ પ્રયાણ કર્યુ. બે ઉદધીઓ વચ્ચે આવેલી આ ભૂશિર આપણાં તીર્થધામોમાં અગત્યનું સ્થાન ધરાવે છે. આની વધારે વિગતો આપણે અંતિમ હપ્તામાં જોશું. રોજબરોજ વિધવિધ મંદિરોના વિશાળ વિશ્વ સાથે આપણોનાતો જોડાયેલો હોઈ ક્યારેક ઈશ્વરના સર્જન સમી સૃષ્ટિનું અનંત મંદિર મનોપ્રદેશનો કબ્જો લઈ લે છે અને કવિ જયંતિલાલ આચાર્યની કાવ્યપંક્તિઓ હોઠ પર આવી જાય છે :-

***મંદિર તારું વિશ્વરૂપાળું, સુંદર સર્જનહારા રે ;***
***પળ પળ તારાં દર્શન થાયે, દેખે દેખણહારા રે.***

ઈશ્વરના આ વિરાટ સ્વરૂપના દર્શન સાથે આપણે અહીં વિરામ લઈશું.

*- ક્રમશઃ -*

*રજુકર્તા - ભગેશ કડકિયા*

# -: મુક્ત કો -:

ધ્યેયની સિધ્ધિને કાજે સહન કરવું તપ દિસે,
સ્વાર્થની સિધ્ધિને કાજે સહન કરવું તપ નહિ,
તપથી તપેલ તાપસ, વરદાન સમજે વિઘ્નને,
પ્રતિકાર ક્ષમતાના .... આપત્તિને આશિષ ગણે.

તીવ્રતમ ઈચ્છાઅપૂર્તિ, ક્રોધની જનની દિસે,
''મારૂ કહ્યું માને નહિ,'' અહંકાર પણ કારણ દિસે,
જજ બનવાથી જગતના, ક્રોધ પેદા થાયછે,
સજ્જનો સમજી, નિરર્થક ક્રોધથી દૂર થાય છે.

તપની બેઠકમાં સદાયે ભક્તિ હોવી જોઈએ,
ભક્તિ વિણ કરેથી તપ, કસરત બની રહી જાય છે,
ભક્તિથી માનવ શરીર, મન, બુધ્ધિ શુધ્ધ થાય છે.
આમ કરતાં અંતમાં, હૈયું પવિત્ર થઈ જાય છે.

ત્યાગ જન્મે પ્રેમના પેટે સદા.
અવતરે અધિકાર ત્યાગ તણી દુખે,
ત્યાગ વિણના અન્ય ગુણશા કામના ?
તેના થકી તો વિશ્વમાં વૃક્ષ-પાષાણ પૂજાય છે.

સુખ અને દુઃખનો કોઈ દાતા નથી,
અવર આપે છે સમજ તે ખોટી છે,
''હુ કરૂ છું'' એ નર્યુ મિથ્યાભમાન,
કમસૂત્રોથી જીવો બંધાયેલા જગમાં દિસે.

વ્યક્તિ માંટે વિષ ભર્યુ છે એ રીતે,
સાંભળીને, સર્પવંશ આખો કરે,
કાલ આંભળશો કે વ્યક્તિના ડંખથી,
માર્ગમાં કોઈ સર્પ તરફડીને મરે.

વિત્ત વ્યક્તિને અપાવે શય ન સુવિધા નિંદર નહિ,
વાનગીઓ વિવિધ પિરસે, પણ ક્ષુધા તૃપ્તિ નહિ,
વિત્તથી કિંમતી દવાઓ પણ મળે છે, સ્વાસ્થ્ય નહિ,
વિત્તથી સધળુ મળે પણ સુખ અને શાંતિ નહિ.

***- સતીશ***




# ગણિત આંગળીના વેઢે




- નિમિષા કીરણ પરીખ

Vedic Mathematics (VM) is been foe all types of competitive exams. VM converts maths in to playful and blissful subject which students learn with joy and will. You must be aware of the fact that once you get a good command over maths, other subjects automatically get improved. As VM improves your maths right from the root level it affects your whole thinking process. It removes all the ideas of dullness and slowness and fills you with great charm and energy, makes your will strong and increases your confidence.

Last time we saw how easily we can divide any number by 9. Now let's take up the case of dividing a number by 8. Suppose we want to divide 111 by 8. Set the sum out as before but this time write the complement of 8, that is 2 underneath 8.

| | |
|---|---|
| 8 \| 11/1<br>2 \|____ | The complement 2 is to become multiplier. |
| 8 \| 11/1<br>2 \| 2<br>1 | Bring down the first digit 1 multiply this by the complement that is 1 x 2 = 2 and write this underneath the next dividend digit. |
| 8 \| 11/1<br>2 \| 2<br>13 | Add up the second column, 1 + 2 = 3, and this is the next quotient digit. |
| 8 \| 11/1<br>2 \| 2/6<br>13/7 | Multiply this 3 by the complement, that is 3 x 2 = 6 and place the 6 under the last digit 1. |
| 8 \| 11/1<br>2 \| 2/6 | Add up the final column foe the remainder, 1 + 6 = 7 |
| 13/7 | The answer is 13 remainder is 7. |

Try these for yourself

101 / 8, 23 / 8, 31 / 8.

In this way we have to multiply the quotient by 2 in the case of 8, by 3 in the case of 7, by 4 in the case of 6 and so on.

This method is highly useful and effective for division when the divisior are near to base 10, 100, 1000.

With a base of 100 we use the complement of the divisor and leave two digits for the remainder portion.

Suppose we have to divide 123 by 88

| | |
|---|---|
| 88 \| 1/23<br>12 \|____<br>1 | The sum is set out as shown with complement of 88, that is 12, written underneath. |
| 88 \| 1/23<br>12 \| 12<br>1 | Since the base of the divisior is 100, we leave two digits on the right of the remainder stroke. The first digit, 1 is brought down as before. |
| 88 \| 1/23<br>12 \| /12<br>1/35 | We next multiply this 1 by the complement, 1 x 12 = 12, and write these two digits under the next two numbersin the dividend. Finally, add up for the remainder, 35. |
| 1/35 | And the answer is 1 remainder is 35. |

Try these for yourself.

124 / 86, 111 / 89.

The next stage is to divide with any large

divisor close to a base. It is important to remember the base, because the number of noughts in the base gives the number of digits which must be left after the remainder stroke, for a base of 100, two digits must be left and for a base of 1000, three digits must be left.

The following rhyme helps to remember the rule about remainder digits.

'For the number of digits on the right, keep the noughts of the base in sight.'

Say 1374 / 878

878 | 1/374

The number of digits in the base, 100 is the same as the number of digits in the remainder and so the remainder stroke is placed between 1 and 3.

878 | 1/374
122 |

The complement of 878 found by all from nine and the last from ten' is 122 and is written below the divisor. The first digit 1 is brought straight down into the answer.

878 | 1/374
122 | 122
1/496

1 x 122 = 122, and this is placed below 374 with the digits in line. 374 + 122 gives the remainder and so the answer is 1 remainder is 496.

We haven't quite reached the end of our explanation for division. Let's take the case of direct division when divisor is not near to base. Suppose we want to divide 3816 by 72.

To divide 3816 by 72 place the 2 on the top of the flag, thus 72 and then start dividing by 7.

The initial lay out is

$7^2$ | 381/6

There being one 'flag digit' the 2 we use a dashed line to show that the remainder appears one digit from the right.

5
$7^2$ | 3816
3

38÷7 = 5 remainder is 3. We place 5 and 3 as shown 2 (flag digit) x 5 = 10, 31 - 10 = 21

5 3
$7^2$ | 3816
3 0

21 / 7 = 3 remainder 0
the 3 and the 0 can be placed as shown.
2 (flag digit) x 3 = 6, 6 - 6 = 0, 0 / 7 = 0 remainder is 0

We place these as follows:

5 3 / 0
$7^2$ | 3816
3 0 0

So that answer is 53, remainder 0

You may find it difficult at first reading. The operations have been explained very lucidly by Jagatguruji.

## ગીફ્ટ અંગે

તા.૩૧-૩-૦૪ સુધી દફતરે નોંધાયેલા સભાસદોને ગીફ્ટ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. ગીફ્ટના વાઉચરો તા.૧૫-૫-૦૫ થી સોસાયટીના કાર્યાલય ખાતે બપોરના ૪ થા ૬ ના સમયમાં આપવામાં આવશે.

હવેથી અડવાડીયાના છેલ્લા દિવસે એટલે કે શનીવારના દિવસેજ સાંજ ૪ થા ૬ ના સમય દરમ્યાન આપવામાં આવશે, જેની નોંધ લેશોજી.

**ચેરમેન** - શ્રી પ્રવીણચંદ્ર ઓચ્છવલાલ દેસાઈ (દેડકી)
**મંત્રીઓ** - શ્રી પ્રવીણચંદ્ર પુનમચંદ્ર કડકીયા (પી.પી.)
**મંત્રીઓ** - શ્રી ઉસનસ નવીનચંદ્ર કચેરીયા

***વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી.***

# બબલીને અમેરીકા જવુ છે

(ક્રમાંક -૧૨ )

□ *જયંતિ કડકીઆ*

### ''દેવા સમાન દુઃખ નહિ''

બબલી સંધ્યાકાળ થયો એટલે તેની જગ્યા પર ગઈ ત્યારે બબલો ધુવાં-પુવાં થઈ ગયો હતો. બબલોએ કહ્યું કે 'તું અત્યાર સુધી ક્યાં ગઈ હતી.'

બબલીએ કહ્યું હુ બાજુના કમ્પાર્ટમેન્ટમાં વડીલો સાથે તેમના જુના જમાનાની વાતો સાંભળતી હતી.

બબલીએ કહ્યું તારે મને કહીને જવુ જોઈએને ?

બબલીએ કહ્યું હું બાજુંમાં ગઈ હતી તેમાં તમને કહેવાનુ શું હતું ? બબલીએ કહ્યું આપણે ફરવા આવ્યા છીએ તો તારે મને સાથ આપવો જોઈએ કે નહિ હું અહીં એકલો મુંઝાતો હતો. બબલીએ કહ્યું આમાં મુંઝાવાનુ શું હતું. આપણી સાથે આ વડીલો બેઠા છે તેમની સાથે ગપ્પાં મારવા જોઈએ અને સંબંધ કેળવવો જોઈએ બબલાએ કહ્યું બસ કર ! હવે મારે તારી શીખામણ જોઈતી નથી. બબલીએ કહ્યું આપણે ઘરમાં હોઈએ છીએ ત્યારે તમને મારી સાથે વાત કરવાની ફુરસદ હોતી નથી. તમે પુસ્તકો વાંચવામાંથી ઉચા આવતા નથી એટલુંજ નહિ પણ તમે અહીં પુસ્તકો વાંચવા લાવ્યા છે એ કાઢીને વાંચવા હતા.

બબલાએ કહ્યું બહુ થયુ મે એમજ કર્યુ હતુ ગમે જેમ પણ મારે વખત પસાર કરવો હતો.

બબલીએ કહ્યું આ સાથે બેઠેલા પાડોશીઓ સાથે વાતચીત કરી હોત તો તેમની પાસેથી કંઈ જાણવા મળત અને ઓળખાણ થાત. બાજુમાં બેઠલા વડીલે કહ્યું અમે તેની સાથે પરિચય કેળવવા માટે ઘણીવાર પુછયું પણ ભાઈ સાહેબને ફુરશદ ન હતી. તે ભલા અને તેમનું પુસ્તક ભલુ.

બબલીએ કહ્યું સાંભળ્યું આ વડીલે શું કહ્યું ઓળખાણ એ મોટી ખાણ કહેવાય તેમાંથી જેટલું મેળવાય એટલુ મેળવી લેવી જોઈએ બબલીએ કહ્યું હવે મહેરબાની કરી તારુ ભાષણ બંધ કર! બબલીએ કહ્યુ હુ જે બોલુ તે ભાષણ કહેવાય અને તમે બોલો તે શુ કહેવાય.

બબલીએ કહ્યુ હુ તારી માફક બકબક કરતો નથી. બબલીએ કહ્યું તમે તો પુસ્તકમાંથી ઉંચા આવો ત્યારે બકબક કરે તો આ તમારી આદતથી હુ ટેવાઉ ગઈ છું માટે મહેબાની કરીને આપણે સંવાદ બંધ કરીએ. હવે અત્યારે જણાવી દઉ છું કે કાલે સવારે હુ બાજુના કમ્પાર્ટમેન્ટમાં વડીલોથી તેમના જમાનાની વાતો સાંભળવા જઈશ. તારે પણ આવવું હોય તો આવજે નહિ તર આ વડીલો સાથે થોડી વાતચીત કરીને પરિચય કેળવજે પછી કહેતા નહિ કે મે તને ક્યાં જાઉ છું તે જણાવ્યું નહિ.

બીજે દેવસે સવારે ચહા-નાસ્તો પતાવી બબલી બાજુના કમ્પાર્ટમેન્ટ વડીલોની વાતો જાણવા આવી ગઈ. આમના એક આખા કમ્પાર્ટમેન્ટમાં આઠ માણસનો સેકન્ડ ક્લાસ સ્લીપરમાં સગવડ હોય છે. પરંતુ દિવસ દરમિયાન વાતચીત ચાલતી હોય અને રસ પડે તો સાંકડે માંકડે બાર માણસને સમાવેશ થાય. આ કમ્પાર્ટમેન્ટ માં બેઠલા સૌની ઉમર અંદાજે સાઠની આસપાસની હતી તેથી તેમની પાસે તેમના તેમજ વડીલોનો બન્નેનો અનુભવનો હતો.

પહેલા દિવસના વાત પુરી થઈ ગઈ હતી એટલે બીજે દિવસે બીજા બહેને વાત આગળ ચલાવતાં બોલ્યા. મારે ત્રણ દિકરા છે. દીકરી નથી એનુ અમને દુઃખ છે. દીકરીના લગ્ન પ્રસંગે વિદાય કરતાં દુઃખ થાય તેમજ દીકરીને કન્યાદાન કરવાનો અનેરો આનંદ થાય. જીવનમાં આ પ્રસંગ અદ્‌ભુત હોય છે. જેને અનુભવ્યો હોય તેને આનો ખ્યાલ આવે. દીકરીના લગ્ને પછી વહેવાર કોને કહેવાય તેનો અનુભવ થાય છે. વહેવારમાં સતત જાગૃત રહેવુ પડે છે. કારણકે કોઈ પ્રસંગે જમાઈને કે વેવાઈને વહેવાર ઓછો ન થાય તેનો કાયમ વિચાર કરવો પડે છે.

સામાન્ય રીતે સમાજ આર્થીક રીતે ચાર ભાગમાં

વહેચાયેલો હોય છે. (૧) શ્રીમંત (૨) ઉચ્ચ મધ્યમ વર્ગ (૩) નબળો વર્ગ (૪) મધ્યમ વર્ગ. આમાં છોકરાને ભણાવવા માટે પહેલા અને બીજી વર્ગને બહુ વાંધો આવતો નથી. જયારે મધ્યવર્ગની દશા બહુજ ખરાબ હોય છે. એ કોઈની પાસે છોકરાં ભણાવવા માટે કોઈની પાસે રૂપીયા માગી શકતો નથી કે સંસ્થાઓમાંથી રૂપીયા લઈ શકતો નથી. દિનપ્રતિદિન ભણતર એટલું મોંઘુ થઈ ગયુ છે કે મધ્યમ વર્ગના મા-બાપે છોકરાઓ ભણવવા માટે દેવુ કરવું પડે છે. દેવા સમાન દુઃખ નહિ એ જાણવા છતાં ન છુટકે દેવુ કરવુ પડે છે. આપણુ ગામ ડુંગરોની વચ્ચે આવેલુ હોવાથી ગામમાં જીવન નિર્વાહ ખેતી પર આધારીત છે. જો ત્રણચાર વર્ષે વરસાદ ઓછો થાય અને પાક સારો ન થાય તો મુશ્કેલી ઉભી થાય છે. હુ તમને મારી જ વાત કરુ. અમારે ત્રણ છોકરા ભણવવા અને ત્રણ વર્ષ ચોમાસું નબળુ જવાથી અમારા માથે દેવુ થઈ ગયુ મારા પતિએ નક્કી કર્યુ કે દેવાના ડુંગર વધારવા તેના કરતાં મુક્ત થવુ વધુ સારુ એટલે અમને વિચાર કર્યો કે ઘર વેચી દેવુ એટલે કે કહ્યુ કે ઘર વેચ્યા પછી દેવુ રહે તો મારા દાગીના વેચી દેવામાંથી મુક્ત થવુ 'શિર સલામત તો પાઘડીઓ અનેક' એ પ્રમાણે આપણે ફરીથી મહેનત કરી રૂપીયા પેદા કરશુ તો આપણે બધુ પાછુ મેળવી લઈશું.

સ્ત્રીઓ પરણી સાસરે આવે છે ત્યારે પોતાના પિતાનુ ઘર છોડેને અને પતિ ઘર આવે છે. એટલે આ ઘર પોતાનું ઘર કહેવાય છે. પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી થવુ એ સ્ત્રી ધર્મ છે. દેવુ આપવા માટે ઘર વેચવાનો નિર્ણય પહેલો મારા પાડોશને કહ્યો તો તેમને કહ્યું જો ઘર વેચવુ હોય તો મને આપનો અમારા પાડોશી સાથે ઘનષ્ટિ સંબંધ હતાં. હું તમને ગામ આપે તેના કરતાં થોડા રૂપીયા વધારે આપીશ. આખરે અમે ઘર વેચ્યુ મારા પાડોશીએ ઘર વેચાતુ લીધુ. એમ કહ્યુ કે બીજુ ઘર ભાડે મળશે એટલે અમે ઘર ખાલી કરી આપીશુ. ત્યારે મારા પાડોશએ કહ્યુ તમારે ભાડાના ઘરમાં જવાની જરૂર નથી. અમે રૂપીયાના રોકાણ માટે ઘર લીધુ છે. તમે કાયમ અહીં રહેજો. જયારે તમારી પાસે રૂપીયા આવે ત્યારે ઘર પાછું લઈ શકો છે. આમ કહી તેમને અમને ઘણીજ રાહત આપી. પણ ઘર વેચી દેવુ ચૂકતે ન થયુ ત્યારે મારા દાગીનાઓ પાડોશીની વેચી દિધા અને અમે દેવામાંથી મુક્ત થયા.

હું તમને જે વાત કરુ છું ત્યારે મારા પતિ મારી સામે બેઠા છે. તેમજ મારા પાડોશી પણ તેમની સાથે બેઠા છે. તેમની સામે વાત કહ્યુ છુ એટલે વાતમાં અતિશયોક્તિ નથી. મારા સસરા કહેતા હતા કે અમારા જમાનામાં દીકરા હોય તો લોકો ઉધાર આપે કહેવાય છે કે દીકરે દીવો ઓળવા નહિ એટલે દિકરા હશે તો બાપનું દેવુ જરૂર આપશે અને દિકરાઓ પણ બાપાનુ દેવુ હોય તો ચેનથી રહેતા નહિ. ગમે તેમ કરી બાપના દેવામાંથી મુક્ત થયા અથવા કરવા પ્રયત્ન કરતા હતા. એક ભાઈએ પ્રતિજ્ઞા કરી કે બાપનુ દેવુ નહિ આપુ ત્યાં સુધી મીઠાઈ નહિ ખાઈશ. જયારે બીજા એક ભાઈએ નક્કી કહ્યુ કે બાપાનુ દેવુ નહિ આપુ ત્યાં સુધી પગમાં પગરખાં પહેરીશ નહિ અને બન્ને જાણે બાપનુ દેવુ પરગામ જઈ કમાઈને આપી દીધું.

આગળ મારા સસરા કહેતા હતા કે ગામમાં કમાણીનું કોઈ ખેતી સિવાય સાધન ન હતું. તેથી કેટલાક લોકો મા-બાપની સંગતી લઈ મુંબઈ તરફ પ્રયાણ કર્યું. મુંબઈ જનારા છોકરાઓનું મુખ્ય ધ્યેય બાપનુ દેવુ આપવુ અને નાના ભાઈ-બહેને સુખી કરવા. આમ જે છોકરાઓ મુંબઈ આવ્યા અને કમાયા એટલે તેમને પ્રથમ ગામમાં આવી પોતાના પિતાનું દેવુ ચુકતે કહ્યુ અને પોતાના નાના ભાઈ-બહેનને મુંબઈ બોલાવી ઠેકાણે પાડવાનુ કાર્ય કર્યુ. પૈસા કમાવવા માટે આપણા લોકોનુ દિનપ્રતિદિન મુંબઈ આવવાનુ વધી ગયુ અને ગામની વસ્તી ઓછી થતી ગઈ. આ વખતે મારા ત્રણ પુત્રો સોળ-અઢાર અને વીસ વર્ષના હતા. તેથી તેમનામાં સમજ આવી હતી કે કમાવુ હશે તો મુંબઈ જવુ જોઈએ એમ મારા મોટા પુત્રે મનમાં નક્કી કર્યુ અને મોકો મળશે ત્યારે મા-બાપાને વાત કરીશ એમ મનોમન નક્કી કરી નાખ્યુ હતું.



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

જુન મહિનામાં રાજકપુર અને નરગીસના યાદગાર ગીતોનો કાર્યક્રમ 'ફીર ભી રહેગી નિશાનીયા' આપણે સૌએ માણ્યો અને સાથે રાજકપુર તથા નરગીસ જીવનમાં બનેલી ઘટનાઓ તથા તેમના યાદગાર પ્રસંગો પણ માણ્યા. આ કાર્યક્રમમાં સારી સંખ્યામાં હાજરી આપી બદલ આપ સૌનો આભાર.

ત્રીજો કાર્યક્રમ પવિત્ર શ્રાવણ માસમાં વિશ્વનું કદાચ સૌથી અધિક પુણ્ય પૂજય અને વિરાટ એવું વ્યક્તિત્વ એટલે પૂર્ણ પુરસોત્તમ શ્રી કૃષ્ણનું વ્યક્તિત્વ! એમની જીવવાની કળા અને તેમની જીવન પ્રત્યેની દૃષ્ટિમાંથી આપણને ચોક્કસ માર્ગદર્શન મળશે. એવી આશા સાથે ''શ્રી કૃષ્ણનાં જીવનની કળા'' વિષય પર પ્રવચન રાખવામાં આવ્યું છે. તમને જાણીને આશ્ચર્ય થશે કે આપણી જ જ્ઞાતિના બહુમુખી વ્યક્તિત્વ અને વિવિધ વિષયનું બહોળુ જ્ઞાન ધરાવતા શ્રી મુકેશભાઈ ગાંધી આપણને 'શ્રી કૃષ્ણના જીવનની કળા' પર પ્રકાશ પાથરશે.

**તારીખ** :- શુક્રવાર ૧૨ ઑગસ્ટ ૨૦૦૫

**સમય** :- બપોરે ૩.૩૦ થી ૬.૦૦

**સ્થળ** :- પ્રેમપુરી આશ્રમ, ૫ મે માળે, બાબુલનાથ

આ કાર્યક્રમના પાસ રૂા. ૧૦/- કોઈ પણ કમીટી બહેનો પાસેથી વહેલા તે પહેલા ધોરણે મેળવી લેવા. જે કોઈપણ બહેનોએ ૨૦૦૫ થી ૨૦૦૬ નું લવાજમ રૂા. ૧૦૦/- ન ભર્યા હોય તેમણે ૩૦ ઑગસ્ટ ૨૦૦૫ સુધી ભરી જવું.

***સંયોજક - નીના કડકીઆ - ૨૩૬૭૩૪૨૦***

### શ્રી વલ્લભાધીશો જયતિ

ચંપારણમાં શ્રી મહાપ્રભુજીની શ્રી બેઠકજી મંદિરનાં સંકલનમાં ધર્મશાળા ''સુદામાપુરી'' માં યાત્રાળુઓની સુવિધામાટે લીફ્ટની સગવડ કરવા નક્કી કર્યું છે તેનો અંદાજીત ખર્ચ રૂા.૧૫,૦૦,૦૦૦/- (અંકે પંદર લાખ) થાય છે, તો તેના ખર્ચ માટે આ રકમ વૈષ્ણવો દ્વારા ભંડોળ એકઠું કરવા નક્કી કર્યું છે, જે વૈષ્ણવોને આપવાની અંતઃકરણથી પ્રેરણા થાય તો તેમાં આપનું યોગ્ય દાન આપવા વિનંતી. રૂા.૧૧,૦૦૦/- (અંકે રૂપીયા અગીયાર હજાર પુરા) અથવા તેથી વધુ રકમ આપનારનું નામ તક્તીમાં લખવામાં આવશે. આ ધર્મશાળા માટે રકમ SHREE VALLABH PUSHTI PRAKASH INTERNATIONAL PUBLIC TRUST ના નામે ચેક તથા રોકડા લેવામાં આવશે. દાન આપવા માટે નીચેના સભ્યોનો સંપર્ક સાધવા વિનંતી. (નીચે મુજબ રકમ નોંધાવેલ છે.)

(૧) મોદી રસિકલાલ સાકરલાલ (દેવ)
મોબાઈલ - ૯૮૧૯૮૭૯૧૩૪

(૨) ધારીઆ રસિકલાલ ચુનીલાલ (દલાલ)
મોબાઈલ - ૯૮૨૦૦૮૯૬૫૮

(૩) દેસાઈ પ્રકાશ નટવરલાલ (રોજવાવાળા)
મોબાઈલ - ૯૮૨૧૧૭૩૪૮૮

(૪) કડકીઆ પ્રમોદભાઈ મણીલાલ
મોબાઈલ - ૯૮૬૭૨૫૪૦૫૪

## વાડાસિનોરના વર્તમાન...

□ બાલાસિનોરના બારસો વર્ષ પુરાણા કેદારેશ્વર મંદિરનું કામ પૂર્ણ થવા આવ્યું છે. ૩૦૦ ચો. ફુટના ફર્નિશ નિવાસો માટે રૂા.૧,૨૫,૦૦૦/- નિવાસ દીઠ દાન મેળવવાનું નક્કી કર્યું છે. દાતાને દર વર્ષે ૩૦ દિવસ નિઃશુલ્ક રહેવાની સુવિધા આપવામાં આવશે.

□ બાલાસિનોરના ખાતે કૉલેજ હોલમાં લોક અદાલત યોજાઈ ગઈ. વિરપુર તેમજ બાલાસિનોર વિસ્તારના ૭૫ થી વધુ પ્રશ્નો રજૂ થયા હતા. એસ.ટી., પાણી પુરવઠો, રસ્તાઓઅને પુરવઠાના પ્રશ્નોની પણ રજુઆતો કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલના પ્રો. ચંપક શાહે કર્યું.

□ નગરની મહેસૂલી ન ભરનારા બે હજાર જેટલા નાગરિકોને, લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૫૨, ૨૦૦ મુજબ મામલતદાર કચેરી તરફથી. નોટિસ આપવામાં આવી છે.

□ બાલાસિનોરની સ્ટેટ બેન્કમાં છ મહિના પુર્વે એ.ટી.એમ. ની સુવિધા કરવામાં આવી છે. રવિવારે પણ બેન્ક સેવા આપશે.

□ નગરપાલિકા દ્વારા દસ વર્ષ જૂના ૧૮ દબાણો દૂર કરવામાં આવ્યા છે. આ કામગિરીથી લોકોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

□ બાલાસિનોરથી પિલુન્દ્રા-જનાડે રસ્તો સાવ બિસ્માર થઈ ગયો હોવાથી ગ્રામજનોને અવર-જવર માટે અત્યંત ત્રાસ થાય છે.

□ ખેડા-આણંદ જિલ્લાની ૩૬૨ ગ્રામ પંચાયતોને ઈન્ટરનેટ જોડાણ પ્રાપ્ત થશે. બાલાસિનોરનો પણ આ સવલત માટે સમાવેશ કરવામાં આવ્યો છે.

□ બાલાસિનોરના જમિયતપુરામાં કૃષિરથનું સ્વાગત કરવામાં આવ્યું. પારંપરિક ઢબથી કરાયેલા સ્વાગતમાં બોડોલી પ્રા. શાળાની બાળાઓ તથા મહિલોઓએ શ્રીફળ અને કળશ લઈ યોગદાન આપ્યું.

□ કેળવણી મંડળ સંચાલિત પી.વી. વિદ્યાલય નું ધોરણ ૧૨નું પરિણામ ૯૬.૬૬ ટકા આવ્યું છે. તરુણા દેસાઈ ૮૪ ટકા, મનીષા પટેલ ૮૩.૮૩ ટકા અને મુલાસીરા પીરજાદા ૮૩.૧૦ ટકા સાથે પ્રથમ, દ્વિતીય અને તૃત્તીય નંબરે ઉત્તીર્ણ થયા છે. ધો.૧૦ નું ૫૭% પરિણામ આવ્યું છે.

□ ઠાસરાથી વણાકબોરી થર્મલમાં સન્માનિત થઈ પરશુરામ યાત્રા બાલાસિનોર આવી પહોંચતા કઠલાલ ચોકડી વાડિયા મહાદેવ ખાતે હજારો ભાવિકોએ ગૌરવપૂર્ણ સ્વાગત કર્યુ હતું.

□ નગરમાં પાણીની તીવ્ર તંગી અને ડહોળુ પાણી મળી રહ્યુ છે. સવારના સમયે નગરજનોને પાણીથી વંચિત રહેવું પડે છે.

□ નગરની નવગુજરાત હાઈસ્કુલે ધો.૧૨માનું૧૦૦% પરિણામ મેળવ્યું છે. મહંમદી હાઈસ્કુલે ૧૦ માં ધોરણમાં ૬૪.૩૫% પરિણામ પ્રાપ્ત કર્યું છે.

□ કે.એમ.જી. જનરલ હૉસ્પિટલમાં ડાયાબિટીસના દર્દીઓ માટે મફત નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. ૪૪ જેટલા દર્દીઓએ કેમ્પનો લાભ મેળવ્યો.

□ ત્રણસો લિટર કેરીનો રસ, અખાદ્ય હોવાના કારણે, નાશ કરવામાં આવ્યો. નાગરિકોના આરોગ્યને

બાલાસિનોર કૉલેજમાં પરિણામો ખૂબ જ ઉજળ આવ્યાં છે. એફ.વાય.બી.એ. ૮૦.૫૪%, એસ.વાય.બી.એ.૮૧.૬૫%, ટી.વાય.બી.એ., ૬૮.૬૬%, એફ.વાય.બી.કૉમ. ૮૨.૫૩%, એસ.વાય.બી.કૉમ. ૬૩.૧૫%, ટી.વાય.બી.કૉમ. ૮૪.૨૧%, બધાજ વર્ગોમાં મળી કુલ ૪૩ જેટલા વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગમાં પાસ થયા છે.

જોખમાવતા ખાદ્ય પદાર્થો વેચતા વેપારીઓ સામે કડક પગલા લેવામાં આવશે.

- નગરની કે.એન. હાઈસ્કુલના ધો.૧૦ અને ૧૨ નું અનુક્રમે ૧૦૦% અને ૮૪.૧૨% પરિણામ આવ્યું છે.
- બાલાસિનોર તાલુકા પંચાયતમાં સિલીંગ ફેલ તૂટી પડતાં ગભરાટ ફેલાયો હતો. કોઈને ઈજા થઈ નથી!
- નિશાળ ચોક વિસ્તારમાં પાઈપ બદલવાનું કામ મંદગતિએ ચાલતુ હોવાથી રાહદારીઓ અને નાગરિકોએ પારાવાર હાલાકી ભોગવવી પડે છે.
- 'ઈશારો' સાપ્તાહિકના પ્રકાશનના ૨૦મા વર્ષ પ્રવેશ નિમિત્તે તંત્રી અને પ્રકાશકોને અગ્રગણ્ય વ્યક્તિઓ, મિત્રો, શુભેચ્છકોએ અભિનંદન પાઠવ્યા હતા.

**('ઈશારો' માંથી સંકલિત મે-જૂન ૨૦૦૫)**

## સલામ આલ્પ્સ સલામ

તારા વિપુલ વૈભવને, સલામ તારા સૈંદર્યને
તારી હરિયાળી વાદીઓને, ધૂંધભરી ખીણો,
બરફીતા શિખરોને, તારા પર ઝખુંબતા વાદળોને,
તારા પેટાળને ચીરી, ચાલતી ટ્રેઈનને,
તારી શ્યામ-શ્વેત સુંદરતાને
સલામ,
આલ્પ્સ તને સલામ!

*- પ્રવીણ દેસાઈ*

(યુરોપ પ્રવાસમાં આલ્પ્સની ગિરિમાળાને નિછાળી સ્ફુરેલું. 'યુરોપ ડાયરી'માં માત્ર પ્રવાસગાથા જ નહીં, વિચારયાત્રા પણ શબ્દ દે કે પ્રગટે તો ભવિષ્યમાં.)

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત
## ઈન્ટરનેટ, ઈમેઈલ શીખો - મફત

ઈન્ટરનેટ, ઈમેઈલ આજના યુગની ખાસ જરૂરિયાત છે. દુનિયાના કોઈ પણ ખુણે કોઈનો પણ સંપર્ક થઈ શકે છે અને દુનિયાની કોઈપણ ક્ષેત્રની કોઈપણ માહીતી ઈન્ટરનેટ ઉપરથી પ્રાપ્ત થઈ શકે છે. આ શીખવા માટે ઉંમરનો કોઈ બાધ નથી. મોટી ઉમંરના વડીલો જો આ શીખે તો પોતાના પરદેશ રહેતા સંતાનો તથા પૌત્ર,પૌત્રી સાથે સંપર્ક રાખી શકે. ઉપરાંત બાળકો પાસે સાવ પછાત અને ગમાર ન લાગે.

શ્રી બાલાસિનોર નવયુક સંઘ આ દિશામાં એક નવું કદમ માંડે છે. દર રવિવારે સવારે ૧૦ થી ૧ સુધીમાં સંસ્થાની સી.પી. ટેન્ક ખાતેની ઓફિસમાં આ બાબત નું શિક્ષણ કોઈ પણ ફી વગર અને કોઈપણ ઉંમરની બાધ વગર આપવામાં આવશે. આશા છે સૌ કોઈ બાલાસિનોરવાસી આ યોજનાનો લાભ લેશે.

**વધુ વિગત માટે સંપર્ક કરો.**

**મંજુલ શૈલેષ ધારીઆ**

**ફોન:** ૨૪૯૩૩૬૧૮ • ૨૪૬૦૨૪૪૧
૯૮૨૦૧૩૫૦૧૪

## અનુકરણીય દાન

સ્વ. બીપીનભાઈ મોહનલાલ ઝવેરી (અમદાવાદ) ની પુણ્યસ્મૃતિમાં પત્ની કોકીલાબહેન બીપીનભાઈ ઝવેરી તથા પુત્ર કિરણભાઈ બીપીનભાઈ ઝવેરી તરફથી રૂા.૧,૦૦,૦૦૦/- નું દાન આપવામાં આવ્યું છે.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ - કાર્યવાહક સમિતિ વર્ષ ૨૦૦૫-૫૦૦૬

| નામ | | ટેલી. નં. (ઘર) | ટેલી. નં (ઑફિસ) | ફેક્સ | (મોબાઈલ) |
|---|---|---|---|---|---|
| ૧) શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ | પ્રમુખ | ૨૩૮૬૯૮૨૧, ૫૬૬૪૨૩૫૮ | ૨૩૪૨૬૯૫૪ | | ૯૮૨૦૧૫૭૩૩૫ |
| ૨) શ્રી ભદ્રેશ પ્રવિણચંદ્ર ધારીઆ | ઉપપ્રમુખ | ૨૩૮૭૫૩૮૦ | ૨૩૪૪૫૨૫૧ | ૨૩૪૪૫૨૫૧ | ૯૮૩૩૦૭૦૬૫૦ |
| ૩) શ્રી પ્રદીપ પ્રવિણચંદ્ર કડકીઆ | મંત્રી | ૨૩૮૬૫૭૬૯, ૨૩૮૮૫૨૭૯ | ૨૨૦૧૮૩૨૬, ૨૨૦૬૧૯૩૫ | ૨૨૦૮૪૧૧૦ | ૯૮૧૯૩૮૯૪૮૪ |
| ૪) શ્રી નીતીન સુરેન્દ્ર પરીખ | સહમંત્રી | ૨૪૯૪૭૯૪૫ | ૨૩૮૭૧૬૧૦, ૨૩૮૨૯૭૭૦ | ૨૩૮૯૧૩૬૧ | ૯૮૬૯૦૧૦૧૪૦ |
| ૫) શ્રી નિલેશ નવનીતલાલ શાહ | સહમંત્રી | ૨૮૦૧૯૪૯૧, ૫૬૯૯૫૨૯૦ | ૨૨૦૮૮૯૬૫, ૨૨૦૩૪૮૭૩ | ૨૨૦૩૪૮૭૩ | ૯૮૨૧૩૪૧૮૦૦ |
| ૬) શ્રી હરેન્દ્ર ચીમનલાલ મોદી | ખજાનચી | ૨૮૦૧૩૪૭૨, ૨૮૬૩૪૯૫૬ | ૨૮૨૯૧૮૯૩/૦૩૯૬/૨૩૯૭ | | ૯૮૨૧૨૯૪૮૬૪ |
| ૭) શ્રી રાજેન્દ્ર કિર્તનલાલ દેસાઈ | ટ્રસ્ટી | ૨૩૮૦૦૭૬૨ | ૨૨૦૬૯૧૯૬, ૫૬૩૦૭૭૨૧ | ૨૨૦૮૫૯૧૪ | ૯૮૨૦૦૮૦૧૯૪ |
| ૮) શ્રી જયપ્રકાશ નવીનચંદ્ર કડકીઆ | ટ્રસ્ટી | ૨૪૯૫૦૭૧૪ | ૨૩૪૩૪૧૭૭ | ૨૩૪૩૪૧૭૭ | ૯૮૨૦૦૫૮૪૦૫ |
| ૯) શ્રી યોગેશ રમણીકલાલ ધારીઆ | ટ્રસ્ટી | ૨૩૮૮૫૧૩૧ | ૨૨૦૬૫૯૯૨, ૫૬૩૫૬૭૦૫ | ૫૬૩૫૬૭૦૫ | ૯૮૨૧૫૪૪૯૫૦ |
| ૧૦) શ્રી જસવંતલાલ કોદરલાલ પરીખ | ટ્રસ્ટી | ૨૬૮૪૦૨૦૫ | ૨૨૮૭૨૮૦૧ | | |
| ૧૧) શ્રી પરેશ નવનીતલાલ ધારીઆ | સભ્ય | ૨૩૮૫૧૪૪૮ | | | ૯૮૬૯૦૪૭૭૯૭ |
| ૧૨) શ્રી જીતેન્દ્ર પ્રવિણચંદ્ર પારેખ | સભ્ય | ૨૩૮૬૮૧૭૯ | ૨૨૦૫૧૯૯૪, ૨૨૦૮૫૪૫૯ | | ૯૮૬૯૦૦૨૪૪૦ |
| ૧૩) શ્રી શીરીષ જગમોહનદાસ પરીખ | સભ્ય | ૫૬૦૬૯૮૦૬ | ૨૩૮૬૦૦૨૯ | ૨૩૮૨૫૦૨૫ | ૯૮૬૯૧૬૩૩૦૫ |
| ૧૪) શ્રી કીર્તી હીરાલાલ કડકીઆ | સભ્ય | ૨૩૮૫૭૬૮૯ | C/o૨૨૦૫૩૪૭૬ | | ૯૮૨૧૦૨૯૨૭૦ |
| ૧૫) શ્રી શશીકાંત સાંકરલાલ શાહ | સભ્ય | ૨૮૬૧૭૭૦૭ | | | ૯૮૨૦૮૧૧૨૧૧ |
| ૧૬) શ્રી જસ્મીન બીપીનચંદ્ર શેઠ | સભ્ય | ૫૬૩૩૩૦૮૫ | ૫૬૩૭૮૩૮૧ | | ૯૮૨૦૮૩૦૦૬૦ |
| ૧૭) શ્રી અજીત નટવરલાલ મોદી | સભ્ય | ૨૨૦૯૦૧૫૧ | ૨૨૮૬૨૩૦૦ | | ૯૮૬૯૦૨૯૪૮૬ |
| ૧૮) શ્રી શૈલેષ નટવરલાલ કડકીઆ | સભ્ય | ૨૩૮૦૬૯૬૪ | ૨૨૦૬૯૯૮૮,૨૨૦૬૯૯૮૫ | | ૯૮૧૯૨૭૬૯૭૦ |
| ૧૯) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ | સભ્ય | ૨૮૦૫૦૭૩૫ | ૨૩૪૪૭૩૮૨, ૨૩૪૧૨૬૮૭ | ૨૮૦૫૦૭૩૫ | ૯૮૨૦૦૧૧૫૮૬ |
| ૨૦) શ્રી ગોપાલ રમણલાલ કડકીઆ | સભ્ય | ૨૮૦૭૧૪૦૬ | ૨૨૦૮૯૧૩૮ | | ૯૮૨૦૨૮૦૬૩૩ |
| ૨૧) શ્રી કલ્પેશ કિર્તનલાલ ધારીઆ | સભ્ય | ૨૬૭૭૮૯૫૫, ૨૬૭૭૮૭૫૨ | ૨૨૦૬૧૫૧૪, ૫૬૩૩૬૦૬૧ | | ૯૮૨૦૫૯૭૧૪૯ |
| ૨૨) શ્રી નીતીન કિર્તનલાલ શાહ | સભ્ય | ૫૬૨૬૬૦૮૬ | ૨૬૬૫૨૬૬૧ | | ૯૮૯૨૨૫૯૩૬૫ |
| ૨૩) શ્રી નીખીલ નવનીતલાલ પરીખ (બખલી) | સભ્ય | ૨૪૯૩૨૨૩૧ | ૨૩૭૨૪૫૨૮ | ૨૩૭૨૫૩૦૭ | ૯૮૧૯૩૨૪૫૨૮ |
| ૨૪) શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી | સભ્ય | ૨૬૨૦૩૧૭૪ | ૨૩૮૬૪૪૭૯ | ૨૬૨૦૩૧૭૪ | ૯૮૧૯૩૪૨૮૫૬ |
| ૨૫) શ્રી મંજુલ શૈલેષ ધારીઆ | સભ્ય | ૨૩૬૩૩૩૪૫, ૫૬૮૦૩૩૭૮ | ૨૪૯૩૩૬૧૮, ૫૬૮૦૨૪૪૧ | ૨૪૯૩૩૬૧૮ | ૯૮૨૦૧૩૫૦૧૪ |
| ૨૬) શ્રી દક્ષેશ સોમાલાલ પરીખ | સભ્ય | ૨૮૦૭૮૩૬૪, ૫૬૨૬૨૮૮૫ | ૨૨૦૦૬૯૬૯ | | ૯૩૨૪૪૦૭૬૯૮ |
| ૨૭) શ્રી નીખીલ બાબુલાલ પરીખ | તંત્રી | ૨૩૮૨૨૫૧૦ | ૨૪૪૪૯૯૨૯ | ૨૪૪૪૯૯૧૬ | ૯૮૨૧૩૨૬૪૩૨ |
| ૨૮) શ્રી સંજય બાબુલાલ શેઠ | (કો ઓપ્ટ) | ૫૬૩૪૯૭૪૮ | ૫૬૬૪૮૬૬૬ | | ૯૮૧૯૮૪૯૫૧૯ |
| ૨૯) શ્રી ભરત કાંતિલાલ પરીખ | (કો ઓપ્ટ) | ૨૮૭૦૩૧૪૨ | | | ૯૮૬૯૧૨૬૦૧૮ |
| ૩૦) શ્રી ધર્મેશ જયંતીલાલ શાહ | (કો ઓપ્ટ) | ૨૩૮૬૦૯૪૮ | ૨૩૮૫૧૮૩૭ | | ૯૮૨૦૩૪૧૩૭૧ |

# બાલાસિનોર વિદ્યામંડળ

જ્યોતિપુંજ માં આપેલ આપણી આર્ટસ અને કૉમર્સ કોલેજના સમાચાર વાંચી શ્રી રસીકલાલ મણીલાલ પરીખ (લાકડાવાલા) ના પરિવાર તરફથી ત્રણ ફોટા (૪'x૩') આપવાનું વચન શ્રી રસીકભાઈ પાસેથી મળ્યુ છે.

અખો, વીર નર્મદ અને રામકૃષ્ણ પરમહંસ જેવી ત્રણ વિભૂતિઓના ફોટા તેમના પરિવારની સહાયથી આપણી કોલેજના સભાગૃહમાં મૂકવામાં આવશે. કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારનો જાહેરમાં આભાર વ્યક્ત કરે છે.

નીચે જણાવેલ વિભૂતિઓના ફોટા ના દાતાની જરૂર છે.

૧) રવિશંકર મહારાજ ૨) વિનોબાભાવે ૩) મહર્ષિ વ્યાસ ૪) ભક્ત કબીર ૫) કવિવર રવિન્દ્ર નાથ ટાગોર

સહર્ષ જણાવવાનું કે આપણી આર્ટસ અને કોમર્સ કૉલેજના વર્ષ ૨૦૦૪-૨૦૦૫ ના સ્નાતક (P.G.) વર્ગના વિદ્યાર્થીઓનું પરિણામ ખૂબજ સંતોષકારક છે. પછાત વિસ્તારની અન્ય કૉલેજોના પરિણામ આપણી સરખામણી એ ઘણા જ ખરાબ આવ્યા છે.

સ્નાતક (U.G.)

| શાળા | વિદ્યાર્થીઓની સંખ્યા | ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | પ્રથમ વર્ગ | દ્વિતીય વર્ગ | તૃતીય વર્ગ | ATKT | % ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| F.Y.B.A. | 663 | 534 | 18 | 179 | 178 | 159 | 80.54 % |
| S.Y.B.A. | 327 | 261 | 11 | 130 | 86 | 40 | 81.65 % |
| T.Y.B.A. | 300 | 206 | 5 | 117 | 84 | -- | 68.66 % |
| F.Y. B. COM. | 63 | 52 | 1 | 14 | 23 | 14 | 82.53 % |
| S.Y. B. COM. | 38 | 24 | 4 | 12 | 5 | 3 | 63.15 % |
| T.Y. B. COM. | 38 | 32 | 4 | 14 | 14 | -- | 84.21 % |

M. COM. Part 1 ના ૨૦ વિદ્યાર્થીઓમાંથી ફક્ત ૬ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. મંડળ કૉલેજના આચાર્ય તથા સૌ પ્રધ્યાપકો અને સફળ થયેલ. પ્રત્યેક વિદ્યાર્થીને જાહેરમાં અભિનંદન પાઠવે છે.

આપણા જ્યોતિપુંજમાં છપાતા કૉલેજના સમાચાર વાંચી કૉલેજના પ્રધ્યાપકોતથા આચાર્ય આનંદ અનુભવે છે તથા પ્રત્યેક માસના અંકની આતુરતા પૂર્વક શરૂ જુએ છે. તા.૨૭/૬/૨૦૦૫ થી દરેક વર્ગોનું શિક્ષણકાર્ય શરૂ થાય છે.

અનુસ્નાતક (P.G.)

| શાળા | વિદ્યાર્થીઓની સંખ્યા | ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | દ્વિતીય વર્ગ | તૃતીય વર્ગ | % ટકાવારી |
|---|---|---|---|---|---|
| **M.A Part 1** | | | | | |
| સંસ્કૃત | 175 | 64 | 10 | 54 | 36.57 % |
| અંગ્રેજી | 103 | 24 | 5 | 19 | 23 % |
| ગુજરાતી | 156 | 60 | 13 | 47 | 38.46 % |
| હિન્દી | 110 | 75 | 15 | 60 | 44.15 % |
| ઈતિહાસ અર્થશાસ્ત્ર | 23 | 5 | 2 | 3 | 21.73 % |
| **M.A Part 2** | | | | | |
| સંસ્કૃત | ૬૦ | ૩૨ | ૧૩ | ૧૯ | ૫૩.૩૩ % |
| અંગ્રેજી | ૫૩ | ૧૬ | ૪ | ૧૨ | ૩૦.૧૮ % |
| ગુજરાતી | ૭૪ | ૫૦ | ૧૮ | ૩૨ | ૬૭.૫૬ % |
| હિન્દી | ૮૬ | ૫૨ | ૨૬ | ૨૬ | ૬૦.૪૬ % |

*લી. બાલાસિનોર વિદ્યામંડળ ની કારોબારી સમિતિના સભ્યો વતી.*

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ

સહર્ષ જણાવવાનું કે મંડળ સંચાલિત પારિતોષિક યોજના હેઠળ નીચે મુજબ ન્યાસફંડનું વચન પ્રાપ્ત થયેલ છે.

સુકન્યા ચંદ્રકાંત સોમાલાલ કડકીઆ (ધંગેલા) ન્યાસફંડ રૂા. ૧૧,૦૦૦/- હસ્તે તેમની પુત્રીઓ પ્રીતિ, શ્રુતિ અને પાયલ તરફથી.

મંડળ ઉપયુક્ત દાનવચન બદલ દાતાનો આભાર માને છે.

*અસીત રમેશચંદ્ર દેસાઈ*
*કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)*
*માનદ્ મંત્રીઓ*

# શ્રી બાલાસિનોર યાત્રા સંઘ

વૈષ્ણવો જોગ

જત દક્ષિણ ભારતની યાત્રામાં આવેલા સીનીયર સીટીઝનોને રેલ્વે તરફથી આપવામાં આવતું ટીકીટોનું કન્સેસન જે લોકો ૩-૭-૦૫ ના દિવસે નથી લઈ ગયા તે લોકો હવે રવિવાર તા.૧૭-૭-૦૫ ના દિવસે સવારે ૧૦.૦૦ કલાકે, સત્સંગ મંડળની રૂમ અમૃતવાડી, વી.પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. આવીને લઈ જવા વિનંતી છે. તમોને આપેલા રસીદ સાથે લાવવી જરૂરી છે.

*લી. નવનીતભાઈ પરીખ (સરકાર) ના*
*જય જય શ્રી ગોકુલેશ*

## શ્રી ગોકુલેશો જયંતિ
## 卐 શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ 卐

**'પાવનકારી કથામૃત'**

ભગવદીય વૈષ્ણવો

શ્રી બાલાસિનોર ગોકુલેશ સમાજ આયોજીત ત્રિદિવસીય ભક્તિ સત્ર સંવત ૨૦૬૧ ના અષાઢ વદ ૯-૧૦-૧૧ તા. ૨૯-૩૦-૩૧ જુલાઈ ૨૦૦૫ શુક્ર, શની તેમજ રવિવાર રોજ બપોરે ૩.૦૦ થી ૬.૦૦ કલાકે શ્રી પ્રેમપુરી અધ્યાત્મ ભવન, હયુજીસ રોડ, બાબુલનાથ પાસે મુંબઈ-૭ મુકામે કરવામાં આવ્યું છે.

વ્યાસપીઠ ઉપર મહેસાણાવાળા પ.પૂ. બાલવિદ્વાન શ્રી ગિરિરાજન શાસ્ત્રીજી બીરાજસે.

આ ભક્તિ સત્રના મનોરથી પ.ભ.શ્રી રસીકલાલ મણીલાલ પરીખ (લાકડાવાળા) તથા તેમનો પરિવાર છે.

ચાલુ વર્ષે ફાગણ મહિનામાં બાલાસિનોરમાં સાત દિવસ સુધી સુંદર મનનીય કથા કરી જેમને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા તે પૂ. ગિરિરાજ શાસ્ત્રીજીની અમૃતવાણી સાંભળવા. બાલાસિનોરના સર્વે ભાઈ બહેનો જરૂર પધારે એવી વિનંતિ.

સત્સંગ મંડળની અમૃતવાડીના મંડળના સર્વે બહેનો તેમજ શ્રી કૃષ્ણપ્રિયા સત્સંગ મંડળ - નેપીયન્સી રોડની બધીજ બહેનોને ખાસ વિનંતી કે આ લ્હાવો જરૂર લેશો અને પુષ્ટિમાર્ગના 'ષોડશ ગ્રંથ' ઉપર સાંભળી જીવન ધન્ય બનાવશો એટલી વિનંતિ છે.

**વિષય:** ''શ્રી વલ્લભાચાર્ય રચિત ષોડષગ્રંથનું માનસ વિશ્લેષણ''

તો બાલાસિનોરના સમસ્ત વૈષ્ણવો આ અમૃતવાણી સાંભળવા ત્રણે દિવસ પધારશોજી એજ આશા.

***લી. બાલાસિનોર ગોકુલેશ સમાજ વતી***
***શ્રી રસીકલાલ મણીલાલ પરીખ (લાકડાવાળા),***
***નવનીતલાલ સી. પરીખ (સરકાર) - મંત્રી ના***
***જય જય શ્રી ગોકુલેશ***

## વાડાસિનોર પ્રગતિ સમાજ
## કૉ.ઓ.ક્રેડીટ સોસાયટી લી.
## ૧૯ મી વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

ઉપરોક્ત સોસાયટીની ૧૯ મી વાર્ષિક સામાન્ય સભા તા.૨૧-૬-૦૫ ના રોજ સાંજે ૭.૩૦ કલાકે સમાજના પ્રમુખ શ્રી રજનીકાન્ત કાંતીલાલ કડકીઆ (ધરીવાલા) ના પ્રમુખ સ્થાને તેજપાલ ઓડીટોરીયમ ખાતે મળી હતી. જેમાં ૪૪૮ સભ્યો સભાસદો હાજર રહ્યા હતાં.

મંત્રી શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆએ (લટકારી) ગત ૧૮ મીની વાર્ષિક સભાની કાર્ય નોંધનું વાંચન કર્યું હતુ. જે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવી હતી.

ચેરમેન શ્રી રસીકલાલ રમણલાલ કડકીઆ (આર. આર.) એ ૩૧-૩-૦૫ સુધી નો સમાજની કાર્યવાહક સમિતિનો અહેવાલ રજુ કર્યો હતો. જેને ઠરાવ દવા પસાર કરવામાં આવ્યો હતો.

ખજાનચી શ્રી મયુર ચીમનલાલ પરીખે તા. ૩૧-૩-૦૫ સુધીનો સ્ટેચ્યુટરી ઓડીટેડ બેલેન્સ શીટ, પ્રોફીટઅને લોસ સાથેના હિસાબો રજુ કર્યા હતા, જેને ચર્ચા વિચારણ બાદ ઠરાવ દ્વારા પસાર કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત તા.૩૧-૫-૦૫ સુધીના ઓડીટર ઈન્ટરનલ હિસાબો રજુ કર્યા હતા. જે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવ્યા હતા.

ખજાનચી શ્રી પ્રફુલ ચીમનલાલ શાહે તા. ૩૧-૩-૦૫ સુધીના નફાની વહેંચણીની વિગતો આપી હતી. અને ૧૫% ડીવીડન્ટ ની જાહેરાત કરી હતી. જેને ઠરાવ દ્વારા મંજુરી આપવામાં આવી હતી.

વર્ષ ૨૦૦૫-૦૬ માટે ઈન્ટરનલ ઓડીટર તરીકે શ્રી પ્રકાશભાઈ દોશી ની નિમણુક કરવામાં આવી હતી.

અને એના મહેણતાણાનું નક્કી કરવાની સત્તા કારોબારીને આપવામાં આવી હતી. જેને ઠરાવ દ્વારા બહાલી આપવામાં આવી હતી.

મંત્રી શ્રી પ્રવીણચંદ્ર પુનમચંદ્ર કડકીઆ (પી.પી.) એ વર્ષ દરમ્યાન થયેલા શેર ટ્રાન્સફરની વિગતો રજુ કરી હતી, જે ઠરાવ દ્વારા પાસ કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૦૫-૦૬ માટે શ્રી જશવંત કોદરલાલ પરીખ (વકીલ, અને નોટરી) ની માનદ કાનુની સલાહકાર તરીકે ઠરાવ દ્વારા નિમણુક કરવામાં આવી હતી.

ખજાનચી શ્રી મયુર સી. પરીખે વર્ષ ૨૦૦૫-૦૬ નું અંદાજીત બજેટ રજુ કર્યુ હતુ,જે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવ્યુ હતુ.

વર્ષ ૨૦૦૪-૦૫ માટે સોસાયટીના કર્મચારીયોને એક માસનુ વધારાનુ અર્ન વેજીસ બોનસ આપવાનુ નક્કી કરવામાં આવ્યુ હતુ. જે ઠરાવ દ્વારા પાસ કરવામાં આવ્યુ હતુ.

આ વર્ષ ચુંટણીનુ વર્ષ હોવાથી, અને જુના બધાજ સભ્યો પ્રેસીડન્ટ સાથે ફારેગ થતા હોવાથી ચુંટણી કમીસનર શ્રી યોગેશભાઈ આર. ધારીયા એ ચુંટણી નહી હોવાની જાહેરાત કરી હતી. અને નીચેના સભ્યોને ચુંટાયેલા જાહેર કર્યા હતા.

કડકીઆ રસીકલાલ રમણલાલ (આર.આર.) પ્રેસીડન્ટ

કારોબારીના સભા સભ્યો

૧) પ્રવીણચંદ્ર ઓચ્છવલાલ દેસાઈ (દેડકી) - ચેરમેન
૨) રજનીકાંત કાંતીલાલ કડકીઆ (લટકારી)- વાઈસ ચેરમેન
૩) પ્રવીણચંદ્ર પુનમચંદ્ર કડકીઆ (પી.પી.)- સેક્રેટરી
૪) ઉસનસ નવીનચંદ્ર કચેરીયા- સેક્રેટરી
૫) પ્રફુલ ચીમનલાલ શાહ (હાથીખાનાવાલા) ખજાનચી
૬) મયુર ચીમનલાલ પરીખ (ભગત) - ખજાનચી
૭) કીરીટ રમણલાલ કડકીયા (મલમ) - સભ્ય
૮) જયપ્રકાશ નવીનચંદ્ર કડકીયા (જે.પી.) - સભ્ય
૯) કૌશીક કાંતીલાલ કડકીયા - સભ્ય
૧૦) બીપીન કાંતીલાલ દેસાઈ - સભ્ય
૧૧) પરેશ વીનુભાઈ મહેતા - સભ્ય
૧૨) શશીકાંત રમણલાલ દોશી - સભ્ય
૧૩) માધુરીબહેન કુંજબીહારી ધારીયા (રીઝર્વ કેટેગરી) - સભ્ય
૧૪) કાનજી નારન રાઠોડ (રીઝર્વ કેટેગરી)

ઉપર લખ્યા પ્રમાણેના ચુંટાયેલા સભ્યોના નામોને ઠરાવ દ્વારા બહાલી આપવામાં આવી હતી.

શ્રી નવનીતભાઈ ધારીયા, શ્રી વસંતભાઈ પરીખ, શ્રી સતીશભાઈ પરીખ, શ્રી મોહનભાઈ પરીખ, અને કુમારી મલ્લીકા નવનીતલાલ પરીખે તથા અન્ય સભ્યોએ સોસાયટી ના સંચાલન માટે વિવધ સુચનો કર્યા હતા. જેનો સંતોષ કારક જવાબ આપવામાં આવ્યો હતો.

શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીયા (ધરીવાલા) છેલ્લા પંદર વર્ષથી સંસ્થાના કાર્યમાં સક્રીય રહી, માર્ગદર્શક રહ્યા હતા. અને ધીરે ધીરે પ્રેસીડન્ટની પોસ્ટ સુધી પહોંચી ને રીટાયર્ડ થતા હોવાથી, શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીયા (લટકારી) તેમના વિષે બે શબ્દો બોલ્યા હતા. અને ચેરમેન શ્રી રસીકલાલ રમણલાલ કડકીયા (આર.આર.) ના હસ્તે પુષ્પગુચ્છ અર્પણ કરવામાં આવ્યું હતુ.

ત્યારબાદ શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીયા (લટકારી) એ પ્રમુખ શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીયા (ધરીવાલા) તરફથી આપવામાં આવનારી ગીફ્ટની જાહેરાત કરી હતી. વધુમાં ચેરમેન શ્રી રસીકલાલ રમણલાલ કડકીયા (આર.આર.) તરફથી પણ ગીફ્ટ ની જાહેરાત કરવામાંઆવી હતી.

શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીયા (ધરીવાલા) પોતાના મંતવ્યમાં સમાજે કરેલા બહુ માન માટે આભાર માન્યો હતો. અને સભાનાકામ કાજમાં સહુનો સહકાર આપવા બદલ આભાર માન્યો હતો.

શ્રી રસીકલાલ રમણલાલ કડકીયા (આર.આર.)-**પ્રેસીડન્ટ**
શ્રી પ્રવીણચંદ્ર ઓચ્છવલાલ દેસાઈ - ચેરમેન
શ્રી પ્રવીણચંદ્ર પુનમચંદ્ર કડકીયા - સેક્રેટરી (મંત્રીઓ)
શ્રી ઉસનસ નવીનચંદ્ર કચેરીયા - સેક્રેટરી (મંત્રીઓ)

૫૫ મા વાર્ષિક અહેવાલના ''કર્તવ્યની કેડી'' માં પુસ્તકાલય વિભાગમાં શરત ચુકથી શ્રીમતી કુસુમબહેન રસીકલાલ ભીખાલાલ પરીખ છપાયેલ હતું, એને બદલે શ્રીમતી કુસુમબહેન રસીકલાલ પરીખ (બખલી) વાંચવું જેની આપ સર્વે નોંધ લેશો.

***મંત્રી - પ્રદીપ કડકીઆ***

## બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લી.

બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લી.ની ૩૧મી વાર્ષિક સામાન્ય સભા તા.૨૩.૦૭.૦૫ ને શનિવાર ના રોજ સાંજે ૬.૩૦ કલાકે કૃષ્ણા બાગ, ૨ જા પારસીવાડા, મુંબઈ - ૪૦૦ ૦૦૪ ખાતે શ્રી રસીકલાલ રમણલાલ કડકીઆના પ્રમુખ સ્થાને મળશે તો સર્વે સભા સહોને સભા હાજર રહેવા વિનંતી છે.

***લી. ચેરમેન જયંતીલાલ સાંકરમલ ધાડીયા (દલાલ)***
***મંત્રી ચન્દ્રકાંત કોદરલાલ પરીખ (CK)***
***જયંતીલાલ લલ્લુભાઈ કાડકીયા (રામોળવાળા)***

ઉપરોક્ત સંસ્થા માટે કેસ કાઉન્ટર તથા સેલ કાઉન્ટર સંભાળી શકે તેવા અનુભવી માણસની જરૂર છે તો શક્ય તેઓએ બાયોડેટા સાથે સંસ્થાની ઓફિસમાં સંપર્ક કરે.

**સમય: ૧૦.૦૦ થી ૧.૦૦ અને ૩.૦૦ થી ૭.૦૦**

***મંત્રી ચન્દ્રકાંત કોટરલાલ પરીખ (CK)***

## બાલાસિનોર નાગરિક સહકારી બેંક લિ.

## જાહેર નોટીસ

''આથી બાલાસિનોર નાગરિક સહકારી બેન્ક લિ., બાલાસિનોર ના ''ભવિષ્ય નિધિ થાપણ'' ના થાપણદારોને જણાવવાનું કે, બેન્કની હાલની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં, ''ભવિષ્ય નિધિ થાપણ'' ની ઉચા વ્યાજ દરની થાપણો પોષણક્ષમ નથી. જેથી તા.૨૮-૦૬-૦૫ ની સંચાલક મંડળની સભામાં નક્કી કરવામાં આવ્યા મુજબ તા.૩૧-૦૭-૦૫ સુધીમાં વ્યાજ સાથે જમા થયેલ રકમ જે તે થાપણદારોને તા.૧-૮-૦૫ થી પરત ચુકવવામાં આવશે. તા.૧-૮-૦૫ થી કોઈપણ થાપણદાર નાણાં લઈ જશે નહીં તેઓને હાલના થાપણોના વ્યાજના દરે વધુમાં વધુ ૨ વર્ષ સુધી જે તે સમય થયેલ હશે તે મુજબ વ્યાજ ચુકવવામાં આવશે. જેની ઉપરોક્ત થાપણદારો ને નોંધ લેવા વિનંતી છે.''

***મેનેજીંગ ડીરેક્ટર - મણીકાન્તભાઈ સી. કડકીયા***
***ચેરમેન - ચંન્દ્રકાન્તભાઈ એમ. પટેલ***
***''સંચાલક મંડળના આદેશથી''***

## લગ્ન પ્રસંગે સમાજનીસંસ્થાઓને મળેલા દાન વચનોની યાદી

(૧) મંજુલાબહેન રસીકલાલ કડકીયા (બેરા) ૧૧,૧૧૧/-
(૨) ભરત બાબુલાલ પરીખ (રોકડીયા) ૧,૭૫,૦૦૦/-
(૩) નીતીના પરેશ કાન્તીલાલ મોદી ૧૧,૦૦૦/-
(૪) કીરણકુમાર શાંતીલાલ કડકીઆ (વડદલાવાળા) ૫,૦૦૦/-

# કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હૉસ્પીટલ

**૧) ડૉ. મોહનલાલ નાથજીભાઈ ધારીઆ પેથોલોજી વિભાગ :** હૉસ્પીટલમાં આ વિભાગમાં માહે એપ્રિલ-૦૫ થી મે-૦૫ ના માસ દરમ્યાન કુલ ૧૬૫૧ દર્દીઓએ લાભ લીધેલ છે.

**૨) લીલાબહેન કીર્તનલાલ દોશી નેત્ર વિભાગ :** આ વિભાગમાં માહે એપ્રિલ-૦૫ થી મે-૦૫ દરમ્યાન કુલ ૨૭૧ દર્દીઓએ લાભ લીધેલ છે. તથા કુલ ૪૧ દર્દીઓના આંખનાં ઓપરેશનો કરેલ છે.

૩) ઈચ્છાબહેન મણીલાલ શાહ (ઝાટ) ઓપરેશન થીયેટર પુર્નરચના સ્વ. પ્રવિણચંદ્ર મણીલાલ શાહ (ઝાટ) ના પરિવાર તરફથી તથા રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ (મેનપુરાવાલા) ઓપરેશન થીયેટર તથા મણીબહેન સારંગી ઓપરેશન થીયેટર : માહે એપ્રિલ-૦૫ થી મે-૦૫ ના માસ દરમ્યાન સર્જીકલ, ગાયનેક, ઓર્થો, ઈ.એન.ટી.તેમજ અન્ય મળીને મેજર ૬૫ તથા માયનોર ૨૧૫ મળીને કુલ ૨૮૦ ઓપરેશનો થયેલા છે.

૪) કમળાબહેન ઓચ્છવલાલ કચેરીઆ સુતિકા **વિભાગ :** આ વિભાગમાં માહે એપ્રિલ-૦૫ થી મે-૦૫ ના માસ દરમ્યાન કુલ ૬૮ દર્દીઓએ લાભ લીધેલ છે.

૫) ડાયાબીટીસ નિદાન કેમ્પ : બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હૉસ્પિટલમાં તા.૨૯-૦૫-૦૫ ના રોજ એક ડાયાબીટીસ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ડૉ. શિશિર પી. ગાંધી એમ.ડી. (મેડીસીન) ચંદન હૉસ્પિટલ, આણંદ તેમજ અન્ય સહયોગી ડૉક્ટરોની ટીમે સેવા આપેલ. આ કેમ્પમાં કુલ ૪૪ દર્દીઓને તપાસવામાં આવેલ. જેમાં મફત ઈ.સી.જી, ડાયાબીટીસ માટે જરૂરી ટેસ્ટ સેવા કે આંખના પડદાને થતું નુકશાન, પગની નસો માટે ડાર્પલર ટેસ્ટ વિગેરે ફ્રી કરવામાં આવેલ.

૬) ઈ.એન.ટી. નિદાન તથા ઓપરેશન કેમ્પ : હૉસ્પીટલમાં તા.૧૫-૦૫-૦૫ ના રોજ ઈ.એન.ટી. નિદાન અંગેનો કેમ્પ રાખવામાં આવેલ. આ કેમ્પમાં ડૉ. વી.કે. કાતરીયા (એમ.એસ.(ઈ.એન.ટી.) એ સેવા આપેલ. આ કેમ્પમાં કુલ ૫૨ દર્દીઓનું રજીસ્ટ્રેશન થયેલું તે પૈકી ૪૪ દર્દીઓનું નિદાન કરવામાં આવેલ તે પૈકી કુલ ૧૦ દર્દીઓને ઓપરેશનની સલાહ આપવામાં આવેલ.

*- મંત્રીશ્રી*

*કે.એમ.જી. જનરલ હૉસ્પીટલ બાલાસિનોર, જી.ખેડા*

**ઓપરેશન મિતિયોજના હેઠળ આવેલ દાન વચનોની નવી યાદી.**

૧) ડૉ.જયવંતભાઈ મોદી
હસ્તે શ્રીમતી સ્નેહલતાબહેન મોદી
૨) શ્રી મયુર રજનીકાંત શાહ (ઠાસરાવાળા)
૩) શ્રી મનુભાઈ ચીમનલાલ શાહ (ચાવાળા)
૪) સ્વ. ધુળીબહેન મગનભાઈ પટેલ
હસ્તે મગનભાઈ મુળજીભાઈ પટેલ

આ ઉપરાંત બીજા અનામી ૧૯ દાતાઓએ પણ મીતી નોંધાવેલ છે.

આ સાથે કુલ મીતી ૮૦ નોંધાઈ છે.

દાતાઓનો આજપ્રમાણે પ્રતિસાદ મળતો રહે છે. અને કુલ ૩૬૫ મીતી નોંધાશે તેવીજ આશા.

*મંત્રીઓ - ધીરૂભાઈ શેઠ , રાજેન્દ્ર દેસાઈ*

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧) મિનાક્ષીબહેન રજનીભાઈ કડકીઆ
આશિષ રજનીભાઈ કડકીઆ
૩/૧૦, અલકનંદા બિલ્ડીંગ, ડૉ.દેશમુખ લેન,
વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ફોનઃ ૨૩૮૫૦૦૧૦ મો. ૯૮૬૯૪૦૩૧૦૩

૨) કુસુમબહેન ઓચ્છવલાલ દોશી
રાજેશ ઓચ્છવલાલ દોશી
૮-બી નવજીવન કો.ઓ.હા.સો.લી.,
૩ જે માળે, બ્લોક નં. ૯, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ફોનઃ ૫૬૦૫૩૦૫૦ મો. ૯૩૨૩૧૮૨૨૦૩

૩) કિરણભાઈ ચીમનલાલ પરીખ (લાય)
મીનાબહેન કીરણભાઈ પરીખ
૨૦૩, સૃષ્ટી, ઓલ્ડ પ્રભાદેવી રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૨૫. ફોનઃ ૨૪૩૭૯૯૬૫
**ઓફિસ:** પ્લુટો એન્જીનીયર્સ ઈન્ડીયા, ૩ સૃષ્ટિ,
ઓલ્ડ પ્રભાદેવી રોડ, મુંબઈ - ૪૦૦ ૦૨૫.
ફોનઃ ૨૪૩૭૯૯૫૦ ૨૪૨૨૪૪૪૭

૪) શ્રી ભરત કાંતીલાલ કડકીઆ
રમણ આશીષ, ૪ થે માળે, બી ૪૦૭,
શાંતીલાલ મોદી ક્રોસ રોડ નં.૨, ઈરાની વાડી,
કાંદીવલી (વે), મુંબઈ - ૪૦૦ ૦૬૭.

૫) મનોજ નટવરલાલ ધારીઆ
મે. મનોજ એન્ટરપ્રાઈસ
૩ જે માળે, દેવી સ્મીથ હાઉસ, રૂ.નં. ૮,
૬૩ લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોનઃ ૨૬૧૪૯૪૫૯ મો.: ૯૮૧૯૧૮૭૬૮૭

## શુભ લગન

- સચીન દિલીપ ચાંદીવાલા (USA)
  ડૉ. પ્રીતી યોગેશ મોદી (USA)
- સેહલ બીપીન દેસાઈ
  દેવેન દલસુખરાય શાહ

## તેજસ્વી તારણાં

- **રોનેલ નિખિલ પરીખ** ICSE (૧૦ મુ ધોરણ) પરીક્ષામાં ૯૨.૫% માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. મેથ્સમાં તેઓએ ૧૦૦ માર્કસ મેળવ્યા છે. સંસ્થા તરફથી તેઓને અભિનંદન.
- **દીશા સંજય દેસાઈ** SSC ની પરીક્ષામાં ૮૭.૩% માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. સંસ્થા તરફથી તેઓને અભિનંદન.
- **ઉપાસના દેસાઈ** ICSE (૧૦ મુ) પરીક્ષામાં ૮૫% માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. સંસ્થા તરફથી તેઓને અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | | ઉંમર |
|---|---|---|
| ૧) | રાહુલ જીતેન્દ્ર ત્રિવેદી | ૩૨ |
| ૨) | કડકીઆ નવનીતલાલ સાંકરલાલ (બેરા) | ૮૦ |
| ૩) | સુકન્યા ચંદ્રકાન્ત કડકીઆ (ધંગેલા) | ૬૦ |
| ૪) | મનહરલાલ મગનલાલ ગાંધી (પાકા) | ૮૩ |
| ૫) | જયંતિભાઈ મોજીલાલ પરીખ (ગુંથરીવાળા) | ૬૪ |

પ્રભુ સદગતના આત્માને શાંતિ અર્પે

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જયોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે**
**E-mail Address - vadsol@balasinor.org**